॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ आयओ गुरुबहुमाणो ॥

# ફીલિંગ્સ

## જિનશાસન માટેની અંતરની ઉર્મિઓ

**પ્રિયમ્**


**अहो श्रुतम्**

શા.બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

# Let's Fill The Feelings

**ફીલિંગ્સ છે એ**
**કે જિનશાસન વિશ્વશાસન બને,**
**વિશ્વનો તાજ બને,**
**વિશ્વના હૈયાનો હાર બને.**

Why not ?
કેમ ન બને ?
કેમ નથી બનતું ?
કોણ અટકાવે છે ?

I think,
એ આપણે જ છીએ.
**જ્યાં સુધી જિનશાસન સ્વશાસન નથી,**
**આપણા મસ્તકનો મુગટ ને હૈયાનો હાર નથી,**
**ત્યાં સુધી બીજી કોઈ જ આશા રાખવાનો**
**કોઈ જ અર્થ નથી.**

Please Come,
આ ફીલિંગ્સને આપણી રગ રગમાં વહેતી કરી દઈએ,
પછી કશું જ અશક્ય નથી.
ખરેખર.

# Index


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સંવેદના – જિનશાસન | ૪ |
| ૨ | *Re* – જિનશાસન | ૫ |
| ૩ | *Feelings* – જિનશાસન | ૭ |
| ૪ | *Jewel* – જિનશાસન | ૧૬ |
| ૫ | *Beating* – જિનશાસન | ૧૯ |
| ૬ | વિવેક – જિનશાસન | ૩૮ |
| ૭ | શ્રામણ્ય – ત્રિલોક સામ્રાજ્ય | ૪૩ |
| ૮ | વરસીદાનની ભીતરમાં | ૪૫ |
| ૯ | વિનયના ત્રણ સોપાન | ૪૮ |
| ૧૦ | મિથ્યાત્વ–ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ | ૫૦ |
| ૧૧ | મારા પર આવેલ એક પત્ર | ૫૩ |
| ૧૨ | દીક્ષા મુહૂર્ત પ્રદાન–વિજ્ઞપ્તિપત્ર | ૫૬ |

# * સંવેદના – જિનશાસન *

❖ કઠિયારાની દીક્ષા વખતે થયેલ શાસનહીલનાનું **અભયકુમારે** નિવારણ કર્યું.
❖ **સમ્રાટ ખારવેલે** આગમવાચના આયોજિત કરીને શ્રુતસ્થૈર્ય કરાવ્યું.
❖ **કુમારપાળ મહારાજા**એ તાડપત્રીપૂર્તિ કરવા માટે અનશન કર્યું.
❖ **કુમારપાળ મહારાજા**એ મકોડાને બચાવવા માટે ચામડી+માંસ ઉખેડ્યા.
❖ **મંત્રીશ્વર વસ્તુપાલે** બાળમુનિને તમાચો મારનાર રાજાના મામાના આંગળા કપાવી દીધાં.
❖ **સમ્રાટ સંપ્રતિ**એ અનાર્ય દેશોને ય સાધુવિહાર યોગ્ય બનાવ્યા.
❖ પેથડશાહે ૫૬ ઘડી સોનું-ઉછામણીરૂપે બોલીને ગિરનારની રક્ષા કરી.
❖ કાલકસૂરિજીએ ગર્દભિલ્લ રાજાને ઉખેડીને સાધ્વીજીના શીલની રક્ષા કરી.
❖ વજસ્વામીએ જૈનોને થતા અન્યાયનો સજ્જડ પ્રતિકાર કર્યો.

આજે તાતી જરૂર છે –

✳ કોઈ **અભયકુમાર**ની – જે પારિષ્ઠાથી થઈ રહેલ શાસનહીલનાને અટકાવે.
✳ કોઈ **ખારવેલ સમ્રાટ**ની – જે સંઘના ઓચ્છવોમાં શ્રુતોત્સવની પૂર્તિ કરે.
✳ કોઈ **કુમારપાળ મહારાજા**ની – જે સંઘના હાથમાંથી છાપાન્ત પૂર્તિઓને હટાવીને સત્સાહિત્યની પૂર્તિ કરે.
✳ કોઈ **કુમારપાળ મહારાજા**ની – જે સમજે કે મકોડો પછી મરે છે, પહેલા પ્રભુ પ્રત્યેનું સમર્પણ મરે છે.
✳ કોઈ **વસ્તુપાળ મંત્ર**ની – જે મહાત્માઓના અકસ્માતોની શક્યતાને જ નાબૂદ કરી દે.
✳ કોઈ **સમ્રાટ સંપ્રતિ**ની – જે ચૂંટેલા શહેરોમાં સમાયેલા સંયમી ભગવંતોને ભારતવ્યાપી બનાવી દે.
✳ કોઈ **પેથડશાહ**ની – જે શાસનરક્ષા માટે સર્વસ્વને પણ તૃણની જેમ સમર્પિત કરી દે.
✳ કોઈ **કાલકસૂરિજી**ની – જે સંઘના શ્રાવક-શ્રાવિકાઓના શીલની રક્ષા કરવા માટે મોહરાજાને ઉખેડી દે.

## * Re Jinshasan *

(૧) **Repair Jinshasan** - ટેબલનો પાયો તૂટી ગયો હોય તો એને રિપેર કરવું પડે છે. જિનશાસનનો પાયો સમ્યગ્દર્શન છે. એક સુલસા શ્રાવિકા હતી. જેને પરમાત્માના સંદેશનો એક શબ્દ ય રોમાંચિત બનાવી ગયો, આપણને પરમાત્માનો સંદેશ સાંભળવા/જાણવા/વાંચવા સુદ્ધાની ફુરસદ/ઉત્સુકતા ન હોય, તો ગયું આપણું સમ્યગ્દર્શન. એક રેવતી શ્રાવિકા હતી, જેની સંવેદના સુપાત્રદાન આપતા આસમાનને આંબી હતી. ઘરની અંદર આપણે બેઠા છીએ. **આપણો મનગમતો પ્રોગ્રામ ટી.વી. પર જોઈ રહ્યા છીએ. 'ધર્મલાભ'નો અવાજ સંભળાય છે. 1st second પર આપણું જે Reaction છે એ આપણા સમ્યગ્દર્શનનો ગ્રાફ છે.** એક સિંહ અણગાર હતાં જે પ્રભુના રોગ પર ધ્રુસકે ને ધ્રુસકે રડ્યા હતાં. પ્રભુનું શાસન આજે કેટકેટલા રોગોથી ઘેરાયેલું છે, ત્યારે આપણો જે પ્રતિભાવ છે એ આપણા સમ્યગ્દર્શનનું બેરોમીટર છે. જૈનં જયતિ શાસનમ્ એટલે શું ? ઘણું જીવ તું... ઘણું જીવ તું... આનો અર્થ શું ? મહાવીરસ્વામીનો જય હો એટલે શું ? ભગવાન તો જય પામેલા જ છે, શાશ્વત જીવન પણ પામેલા જ છે, આપણા અંતરમાં તેઓ ચિરંજીવ બને, આપણા આંતરશત્રુઓ પર વિજય મેળવે - તેના માટે આ પ્રાર્થના કરવાની હોય છે. એ જ રીતે **Jinshasan ને Repair કરવામાં હકીકતમાં આપણે આપણું સમ્યગ્દર્શન Repair કરવાનું હોય છે.**

(૨) **Renovate Jinshasan** - પોતાના રોમે રોમે શાસન વસાવવામાં શાસન રિપેર થાય છે. શ્રદ્ધાની આ સુવાસ સંઘમાં પણ ફેલાય તેનાથી શાસન રિનોવેટ થાય છે. શિક્ષિકાએ ગંદી છોકરીને પહેરાવેલ એક ચોક્ખા ફ્રોકે ક્રમશ એના શરીર, રૂમ, ઘર, આંગણું, પાડોશ, ગલીને અને ગામ સુદ્ધાને ચોક્ખું ચટાક કરી દીધું. એ રીતે **એક વ્યક્તિનો શાસનપ્રેમ આખા જિનશાસનની કાયાપલટ કરી શકે છે.** એક યુવાન જેમ તેમ પડેલા પાટલાને ને વેરાયેલા ચોખાને ખૂબ જ પ્રેમથી યોગ્ય સ્થાને મુકી દે એ સંઘના ઔચિત્યનું રિનોવેશન છે. **એક વ્યક્તિ સંઘમાં ખૂબ જ શિષ્ટ ભાષામાં વાત કરે એ સંઘની**

**સભ્યતાનું રિનોવેશન છે.** શીખોના જમણ પછીની એંઠા વાસણ ધોવાની કારસેવા આપણે ચાલુ કરી શકીએ, એ સંઘના વાત્સલ્યનું રિનોવેશન છે. એમની જેમ આપણે દેરાસર બહાર લાગેલ વાહનોની કતારની સફાઈ કરી શકીએ, એ સંઘના સત્કારનું રિનોવેશન છે. શિસ્ત, શાંતિ, સભ્યતા, સંપ એવા કરી દઈએ કે જેનાથી દુનિયાના દરેક પંથ-દરેક ધર્મ કોઈ પણ ગુણની બાબતમાં આપણો આદર્શ લે. મુસ્લિમોની શિસ્ત, શીખોનો ભાઈચારો, સ્વામિનારાયણનો સેવાભાવ - આ બધાં દૃષ્ટાન્ત જિનશાસનના સભ્યને આપવા પડે ? વિશ્વના સર્વશ્રેષ્ઠ ધર્મને આપણે સર્વશ્રેષ્ઠ ગૌરવ અપાવવું છે. Renovate Jinshasan. **માસખમણનો તપ નહીં થાય તો ચાલશે, અહીં સ્વામિવાત્સલ્યમાં ધમાલ ને ઘોંઘાટ કરવાનું બંધ કરી દો. પાંચ લાખનું ડોનેશન નહીં આપો તો ચાલશે, પાંચ રૂપિયાની પ્રભાવનાનું દશ્ય શરમજનક ન બને એવી સભ્યતામાં આવી જાઓ. બહુ તીર્થયાત્રાઓ નહીં કરો તો ચાલશે, ચૈત્યપરિપાટી અને વરઘોડામાં વિનયથી ચાલવાનું શીખી જાઓ. સાધ્વીજીનો વેષ કદાચ ન પહેરી શકો તો હજી ચાલશે પણ જિનશાસનની શ્રાવિકાને ન શોભે એવા વેષથી દૂર રહેવાનું શીખી જાઓ.** Please Renovate Jinshasan.

(૩) **Renew Jinshasan** - જિનશાસન જેવું ભગવાન શ્રી મહાવીરસ્વામીના કાળમાં હતું એવું આજે બનાવવું છે. જેવું કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યના કાળમાં હતું એવું આજે બનાવવું છે. **ચોથો આરો લાવવા માટે પહેલા સંઘયણની જરૂર નથી, આપણી કૃતજ્ઞતાની જરૂર છે.**

(૪) Repay Jinshasan - જિનશાસનને એનું ગૌરવ પાછું અપાવીએ. વિશ્વના હૃદયમાં જિનશાસનની સર્વોપરિતાની પ્રતિષ્ઠા કરી દઈએ. **ગામે ગામે જિનાલય, ઘરે ઘરે જિનવચનનો સ્વાધ્યાય, હૈયે હૈયે જિનેશ્વર... એ સ્વર્ણિમ સ્વપ્નને સાકાર કરવાનો સંકલ્પ કરીએ.** Repay Jinshasan.

* * * * *

ચાર પ્રકારના જીવો હોય છે.

(૧) **વાછરડા જેવા** - ગાયને બાંધીને લઈ જવી પડે છે, વાછરડાને નહીં. એક અદૃશ્ય દોરીથી ગાય સાથે બંધાયેલું હોય છે, જેનું નામ છે શ્રદ્ધા. ગાય મારા માટે એકાંતે હિતસ્વિની છે, એનું અનુસરણ મને ૧૦૦% ફાયદો કરાવશે - આવો દૃઢ વિશ્વાસ. જે દૃષ્ટિથી વાછરડું 'મા'ને જુએ છે, એ જ દૃષ્ટિથી ઉત્તમ જીવો જિનાજ્ઞાને જુએ છે. એના અનુસરણ માટે અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યોએ પ્રાણત્યાગ કર્યો હતો. ચુલનીપિતા શ્રાવકે આ જ શ્રદ્ધાથી ભયાનક ઉપસર્ગોને સમભાવે સહ્યા હતા. **વાછરડું એટલે વિચારમુક્ત વ્યક્તિત્વ. વાછરડું એટલે વિકલ્પમુક્ત વ્યક્તિત્વ. વાછરડું એટલે પ્રશ્નમુક્ત વ્યક્તિત્વ. વાછરડું એટલે ગાયની દિશાની યાત્રા. વાછરડું એટલે સમર્પણની પરાકાષ્ઠા. જેની દૃષ્ટિમાં ગાય એ જ દુનિયા છે એનું નામ વાછરડું. જેના મનમાં ગાય એ જ સર્વસ્વ છે, એનું નામ વાછરડું.**

(૨) **ગાય જેવા** - વાછરડાનો અર્થ છે પૂર્ણ સમર્પણ અને ગાયનો અર્થ છે પૂર્ણ કૃતજ્ઞતા. ગાય એના પાલકને બરાબર ઓળખે છે. પોતાની પસંદ-નાપસંદ, અનુકૂળતા-પ્રતિકૂળતા વગેરે બધું જ ગૌણ કરીને એ એના પાલકને દૂધ દોહવા દે છે. જિનશાસન પ્રત્યેની આપણી કૃતજ્ઞતા કયાં સ્તરની ? શાસને આપણને આવાસ, ભોજન, પૈસો, ગૌરવ - બધું જ આપ્યું, આપણે શાસનને શું આપ્યું ? દેશને આઝાદ કરવા માટે સુભાષચન્દ્ર બોઝે યોગદાન આપવાની અપીલ કરી હતી. સભામાંથી એક જણ બોલ્યું, 'એક લાખ રૂપિયા.' બોઝે કહ્યું, 'એક લાખ રૂ.માં આઝાદી ન મળે.' બીજાએ બે લાખ જાહેર કર્યા. બોઝે કહ્યું, 'બે લાખ રૂ.માં આઝાદી ન મળે.' સભાએ પૂછ્યું, 'તો તમારે શું જોઈએ છે ?' એ સમયના લાખ રૂા. આજના કરોડો રૂા. બરાબર હતાં, એ ય ઠુકરાવાયા એટલે સભાએ આ પ્રશ્ન પૂછેલ. બોઝે ભાવુક થઈને જવાબ આપ્યો, 'મારે સર્વસ્વ જોઈએ છે.' બે શ્રીમંત યુવાન ઊભા થયા. 'દેશ માટે મારું સર્વસ્વ.' બોઝ એમને ભેટી પડ્યા. એમની

આંખમાં ઝળઝળિયા આવી ગયા. મહિલા સભાને એમણે અપીલ કરી ત્યારે દાગીનાઓનો ખડકલો થઈ ગયો. I am talking about cow. કૃતજ્ઞતા. **શાસનને આપણે શું આપ્યું ? તકતી માટે આપણે જે આપ્યું એ આપણે અહમ્ - ને આપ્યું છે. શાસનને નથી આપ્યું. નામના માટે જે આપ્યું એ ય અહમ્ - ને આપ્યું છે. શાસનને નથી આપ્યું. હાર-તોરા માટે ય આપણે જે આપ્યું છે, તે અહમ્ - ને આપ્યું છે, શાસનને નથી આપ્યું. શાંત ચિત્તે વિચાર કરીએ - શાસનના અનંત ઉપકારોના સામે આપણો પ્રતિભાવ કેવો છે ?**

શાસનને આપણું સર્વસ્વ આપીએ, તો શાસન આપણને તેનું સર્વસ્વ આપી દેવાનું છે. ભિખારી ને અબજોપતિ મિલકતની અદલાબદલી કરે એવી આ ઘટના છે. ને છતાં આપણે એવા પાગલ ભિખારી જેવા છીએ, કે વિચાર કરીએ છીએ કે મારા ફાટેલા કપડાં ને ફૂટેલો વાટકો આપી તો દઉં, પણ મને એના બદલામાં શું મળશે ?

ગીરની ગાય માટે એમ કહેવાય છે કે એ એના માલિકની શારીરિક પરિસ્થિતિને ઓળખી લે છે, ને એનું સ્વાસ્થ્ય જળવાય ને એનો રોગ દૂર થાય, એવી ઔષધિઓને જંગલમાં શોધીને એનો ચારો ચરે છે, એ ઔષધીય ગુણ એના દૂધમાં આવે છે, ને એનાથી એના માલિકનું સ્વાસ્થ્ય સારું થાય છે.

શાસનની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવી એ દૂધ આપવા સમાન કૃતજ્ઞતા છે. જેમાં દેરાસર-ઉપાશ્રય-પાઠશાળા વગેરેના સુચારુ સંચાલનમાં આપણું યોગદાન હોય, તે પહેલા નંબરની કૃતજ્ઞતા છે. શાસનનું સ્વાસ્થ્ય કથળે - સંઘના ધર્મ - સંસ્કારો - વેષમર્યાદા - આચારમર્યાદાનું ધોવાણ થતું હોય ત્યાં એવી ઔષધિ શોધી લાવવી કે શાસન પુનઃ સુચારુ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે એ બીજા નંબરની કૃતજ્ઞતા છે. દઢપ્રહારીની ઘટનામાં માલિકને બચાવવા ગાય વચ્ચે આવેલી. એ ગાયે પોતાના પ્રાણોની આહૂતિ આપી દીધેલી. **જૈનો મુસ્લિમ કે ક્રિશ્ચન બની રહ્યા હોય, દેરાસર શિવમંદિર કે મસ્જિદ બની રહ્યું હોય, પરમાત્માના ચક્ષુ ઉખેડાઈ રહ્યા હોય, પરમાત્માના**

**કંદોરા પર ટાંકણાના માર પડતા હોય કે આદિનાથ પ્રભુને કાલિયા બાબા બનાવવામાં આવ્યાં હચો, આ બધી ઘટનામાં પ્રાણોની આહૂતિ આપીને પણ શાસનની હત્યાને અટકાવવી એ ત્રીજા નંબરની કૃતજ્ઞતા છે.**

(૩) **ગળિયા બળદ જેવા** - ગળિયા બળદનો અર્થ છે આળસ. નિષ્ક્રિયતા, પ્રમાદ. જેની પાસે હળ કે ગાડું ચલાવવા કરતાં જાતે હળ ગાડું ચલાવી લેવું સહેલું પડે, એનું નામ ગળિયો બળદ. જેને હાંકતા હાંકતા હાંફી જવાય, એનું નામ ગળિયો બળદ. જેને મારવાની સોટી ભાંગી જાય, પણ જેનો નિરુત્સાહ ન ભાંગે એનું નામ ગળિયો બળદ. એના જેવા જીવોને શાસનસેવાની ગમે તેટલી પ્રેરણા કરો, ખૂબ ખૂબ પ્રેરણા કરીને પૂછો, તમે શાસન માટે શું કરી શકો તેમ છો ? તમારે શું કરવું છે ? ને એ શાંતિથી કહેશે - મારે કાંઈ કરવું નથી.

**કાંઈ નથી કરવું એ બોટમ છે. કંઈક તો કરવું જોઈએ - આ ફરજ છે. થોડું-ઘણું કરીએ - એ રિવાજ છે. ઘણું કરવું જોઈએ - આ કર્તવ્ય છે. જેટલું કરીએ એટલું ઓછું - આ ભક્તિ છે. મને આવો લાભ ક્યાંથી આ બહુમાન છે. મેં કોઈનું કશું કર્યું જ નથી, મેં મારું જ કર્યું છે - આ આત્મીયતા છે.**

શાસન મારું લાગે એ ધર્મની શરૂઆત છે. ઘરે રસોઈ કરવા માટે કોઈના ઉપદેશની જરૂર નથી પડતી. ઓફિસે દોડી જવા માટે કોઈની પ્રેરણાની જરૂર નથી પડતી. દીકરાને ઉછેરવામાં નાકે દમ આવી જતો હોય, તો ય જાણે આપણે કશું જ કર્યું નથી, એવો આપણો અહેસાસ હોય છે. શાસનસેવામાં આવી કોઈ સંવેદના ન હોય, એનો અર્થ એ છે કે શાસન આપણને પારકું લાગે છે. **જે પારકું લાગે એનું કામ કરવામાં ગળિયા બળદનો જ ઘાટ ઘડાવાનો.**

એક ખેતરના પાકમાં તેતર પક્ષીએ માળો બાંધ્યો હતો. નજીકમાં જ માલિકનું ઘર હતું. એક સાંજે તે પરિવાર આંગણામાં બેઠો હતો. ઘરના વડીલે કહ્યું, ‘હવે પાક તૈયાર થઈ ગયો છે, ગામના બધાં મિત્રોને કહેવડાવી

દો, કાલે બધા આવી જાય, પાક લણવા માટે.' તેતરના બચ્ચાએ આ વાત સાંભળી 'મા'ને કહ્યું, 'મા, ચાલો આપણે ઉડી જઈએ. કાલે તો ખેતર સાફ થઈ જશે.' મા-એ કહ્યું, 'કોઈ આવવાનું નથી.' બીજા દિવસે પાક સલામત હતો. સાંજે એ વડીલે કહ્યું, 'આ મિત્રો તો ન આવ્યા, હવે એમ કરો, બાજુના ગામથી આપણા સગાં-વ્હાલાને બોલાવી લો.' તેતરના બચ્ચાએ એ જ વાત કરી ને મા-એ ફરી એ જ જવાબ આપ્યો. ત્રીજા દિવસે એ વડીલે કહ્યું, **'ચાલો, હવે કાલે આપણે બધાં જ કામે લાગી જઈએ, જાતમહેનત જિંદાબાદ. અપના હાથ જગન્નાથ.' બચ્ચાએ આ સાંભળીને મા સામે જોયું. માએ કહ્યું, 'ચાલો, હવે ઝટ અહીંથી ભાગો. હવે આ પાક લણાઈ જશે.'**

વાત છે આત્મીય-ભાવની. આત્મીય-ભાવ છે તો કોઈ ઉપદેશની જરૂર નથી, આત્મીય-ભાવ નથી, તો કોઈ ઉપદેશનો અર્થ નથી, અલબત્ત આ બધાં ઉપદેશનો ઉદ્દેશ્ય આત્મીયભાવને જગાડવાનો જ છે. એક કવિએ બહુ મજાની વાત કરી છે -

**ફુરસદ નથી, બનતું નથી, એ સાવ લૂલો બચાવ છે,**
**કરવા કહો ને હૃદયમાં, ક્યાં ખરેખર ભાવ છે ?**

ગળિયો બળદ માલિકને તોડી નાંખે છે. પરમ પાવન શ્રીદશવૈકાલિક આગમ કહે છે -

**दुग्गओ वा पओगेण, चोइओ वहइ रहं ।**
**एवं दुब्बुद्धी किच्चाणं, वुत्तो वुत्तो पकुव्वइ ॥**

જેમ હાંકી હાંકીને થાકી જવાય ત્યારે ગળિયો બળદ માંડ માંડ ગાડું ચલાવે છે, એ રીતે દુર્બુદ્ધિ જીવને કહી કહીને થાકી જવાય ત્યારે એ માંડ માંડ કર્તવ્ય કરે છે.

જાપાન પર આક્રમણ આવેલ, ત્યારે ત્યાંના યુવાનોએ દેશ માટે શહીદ થવાની તક પોતાને મળે એ માટે ત્યાંના રાજાને પોતાના લોહીથી અરજી લખીને આપી હતી.

**ગુરુ ગોવિંદસિંહના બે પુત્રોને દીવાલમાં જીવતા ચણી દેવાયા, ત્યારે**

**પોતાની હાઈટ વધુ હોવાથી પોતાને બલિદાન આપવામાં થોડો વિલંબ થશે, એની પીડાથી મોટા દીકરાની આંખમાં આસું આવી ગયા હતાં.**

પંજાબના સુવર્ણ મંદિરમાં સરકારી હસ્તક્ષેપની વાત આવી, ત્યારે શીખોએ કહી દીધું કે 'જેને અહીં ઈન્ટરફિયર કરવા આવવું હોય એ આવે, એનું માથું મંદિરમાં અંદર હશે ને ધડ (બાકીનું શરીર) બહાર હશે.'

રાજસ્થાનમાં બિશનોઈ કોમમાં પોતાના આત્મીય વૃક્ષની રક્ષા કરવા માટે ૩૬૫ જણા કપાઈ મર્યા. જોધપુરના મહારાજાએ ખુદ આવીને પોતાના સૈન્યના અપરાધની માફી માંગી.

ફ્રાંસની બાળકીએ માલિક થઈ બેઠેલ જર્મનીના સત્તાધીશના વરદાનમાં માંગ્યું - મારા દેશનો વ્યવહાર ફ્રેન્ચ ભાષામાં થાય જર્મનીમાં નહીં. આ દેશ + માતૃભાષાની આત્મીયતા જોઈને સત્તાધીશે કહ્યું - નેપોલિયનની સેનાએ જે હાર નથી આપી, એ હાર અમને હવે મળશે, હવે જર્મનીનો તાબો ફ્રાંસ પર બહુ સમય નહીં રહે.

**'મારો દીકરો' આ મુદ્દે જિંદગી ઘસી નાંખવા આપણે તૈયાર છીએ. 'મારી પત્ની' આ મુદ્દે ધંધાની રજાઓ પાડીને નુકશાન વેઠવા માટે તૈયાર છીએ. 'મારું શરીર' આ મુદ્દે આપણે જીવનભરની કમાણી વાપરી નાંખવા માટે તૈયાર છીએ. 'મારું શાસન' આ મુદ્દે આપણી શું તૈયારી ? કશી નહીં ? That means 'મારું શાસન' આ મુદ્દો જ આપણી પાસે નથી.**

ગળિયા બળદપણું એ જિનશાસને કરેલા અનંત ઉપકારોનો ઈન્કાર છે. એના ઉપકારો, આપણી કૃતજ્ઞતા વગેરે માટે આપણને જેટલો ઉપદેશ આપવામાં આવે એટલી આપણી નામોશી છે. આચારાંગસૂત્ર કહે છે - **उद्देसो पासगस्स णत्थि** - જેની પાસે આંખ છે તેને ઉપદેશની જરૂર નથી. કૃતઘ્નતા એ આંતરચક્ષુનો અંધાપો છે.

એક દંતકથા અનુસાર ભગવાને બધાંને ૩૦ વર્ષનું જીવન આપ્યું હતું. માનવે વધુ જીવનની માંગણી કરી એટલે એને ૧૦ વર્ષ બળદના આપ્યા. એણે હજી માંગણી કરી એટલે ૧૦ વર્ષ ગધેડાના આપ્યા, એમ

૧૦-કૂતરાના, ૧૦-પાડાના, ૧૦-ગેંડાના, ૧૦-અજગરના આપ્યાં. માટે તે-તે દશકામાં માણસની સ્થિતિ તેવી હોય છે.

મહાભારત કહે છે -

**कृपणो विलपन्नार्त्तो, जरयाऽभिपरिप्लुतः ।**
**म्रियते रुदतां मध्ये, ज्ञातीनां स न पुरुषः ॥**

દયનીય દુઃખી-પણે ઘડપણથી સાવ જ ઉપદ્રુત વિલાપ કરતો રડતા સગાઓની વચ્ચે મરી જાય તે 'પુરુષ' નથી.

**એકાવન-બાવન - આ 'વન'માં પ્રવેશીને ઘરમાં રહેવું તે ખૂબ શરમજનક છે. કેમ સે કમ સેકન્ડ હાફ તો જિનશાસનની સેવા માટે આપી દેવી જ જોઈએ. ગળિયા બળદ થઈને ઘરે પડ્યા રહીને બધાંથી અપમાનિત થવા કરતા એ લાખગણું સારું છે.**

**(૪) આખલા જેવા** - આખલાનો અર્થ છે શત્રુતા. જેણે દૂધ પીવડાવ્યું, એને જ શિંગડા મારશે. જેણે પાળ્યો હશે, એના ય હાડકા ખોખરાં કરશે. **જિનશાસનના ઉપકારોથી આગળ આવીને જાણતા કે અજાણતા જિનશાસનને જ નડવાની પ્રવૃત્તિ કરનાર જીવો આખલા જેવા છે.**

લાખો પેઢીઓથી ચાલી આવેલ જૈનત્વના સંસ્કારોને છોકરો/છોકરી ચોવિયાર કરે છે તો નહીં ચાલે - આમ કહેવા દ્વારા તોડી-ફોડી દેનારા આખલા જેવા જીવો છે.

હજારો સંયમીઓને જ્ઞાનદાન કરનારા પંડિતોને પરણવાની ના પાડવા દ્વારા 'કોઈએ પંડિત ન બનવું' - આવો આડકતરો ઉપદેશ આપનારી કન્યાઓ આખલા જેવી છે.

મોર્ડન ફેશનેબલ બોડી-એકઝીબીશન કરનારી કન્યાને પસંદ કરીને બધી કન્યાઓને આડકતરી રીતે તેવા બનવાનો ઉપદેશ આપનારા છોકરાઓ આખલા જેવા છે.

પોતાના સંતાનને કરાટે-સ્કેટિંગ-સ્વિમિંગમાં હોંશે હોંશે લઈ જવા

ને ધર્મક્ષેત્રોથી સદંતર દૂર રાખવા એવું વલણ રાખનારા માતા-પિતા આખલા જેવા છે.

**સંઘના કાર્યક્રમોમાં આડખીલી કરનારા-ઓબ્જેક્શન લેનારા-ભૂલ શોધનારા-ટાંટિયાખેંચમાં ઉતરનારા આખલા જેવા છે.**

ઉપાશ્રયમાં દેખાય એ રીતે ટી.વી. રાખનારા, ઉપાશ્રયમાં સંભળાય એ રીતે ફિલ્મી ગીતો વગાડનાર, ઉપાશ્રય/દેરાસર/રસ્તા/ઘરમાં મહાત્માને ઉદ્ભટ વેશ દેખાડનારા પણ આખલા જેવા છે.

**આજે તમારી સ્થિતિ એવી છે કે મહાત્માની સમ્મુખ એમનું ગુરુપૂજન કરો છો ને એમની પીઠ પાછળ ખંજર ભોંકો છો. પતિ સિવાય કોઈને હરગીઝ ન બતાવી શકાય, એવો વ્યુ પિતાને/ભાઈને/દિયરને/સસરાને/ દીકરાને તો બતાવો છો, આ રીતે પિતૃત્વ વગેરેની હત્યા તો કરો જ છો. એવો વ્યુ સંયમીઓને પણ બતાવીને સાધુતાની હત્યા પણ કરો છો. Please give me answer - સાધુની હત્યા અને સાધુતાની હત્યા આ બંનેમાં વધુ ખરાબ શું છે ?**

હજારોની મેદની વચ્ચે આશીર્વાદ અને અનુમોદના સહ જે આત્માને આપણે સંયમપંથે વળાવ્યો, એના સંયમ પંથમાં આપણે જ કાંટા નાંખવાના ? જેમને વિજયતિલક કર્યું એને જ તમાચો મારવાનો ? જેને ઓઘો લઈને નાચતા જોઈને તાળીઓ પાડી એમની જ ઓઘાની જવાબદારીને ભારે બનાવી દેવાની ?

ઉપાશ્રયમાં ક્યારે આવવું, કેવી રીતે આવવું, શું પહેરીને આવવું ? કોણે આવવું ? કોણે ન આવવું ? આનો વિવેક કેટલા પાસે ? એક બાજુ તમારા ઘરોના વાતાવરણ સંયમને તદ્દન પ્રતિકૂળ હોય, છતાં અમારે ત્યાં જ ગોચરી લેવા આવવાનું હોય, તમારી બેફામ રીતે અવરજવર ચાલુ હોય, ઉપાશ્રયમાં સાધનોના ઉપયોગ સાથે તમે ય ધીમે ધીમે ટેવાતા જતા હો ને અધુરામાં પૂરું ઉપાશ્રયમાં જ ઉપર ગૃહસ્થોના રૂમ્સ બનાવવાની તમારી ફેશન ચાલી હોય, આ બધું સાધુતાના ગળે આપેલા મુશ્કેટાટ ફાંસા જેવું છે, કઈ રીતે બચશે સાધુ ?

મને પોળ નહીં ફાવે, મને ગામડું કે નાનું શહેર નહીં ફાવે, આ એક જ મુદ્દે આજની છોકરીઓએ સંઘોના સંઘોને ઉજ્જડ કરી દીધા છે. સંઘે દેરાસર, ઉપાશ્રય, આંબેલખાતું, પાઠશાળા બધું જ ઊભું કર્યું, ને તમારા આ એક જ નખરાંથી એ બધું જ નકામું થઈ ગયું. સંઘના અબજો રૂપિયા નકામા ગયા. હવે તમે જ્યાં જાઓ છો ત્યાં શું ? નવું ઊભું કરવાનું ? તો બીજા અબજો રૂપિયા જોઈશે. નથી ઊભું કરવું ? તો જૈનત્વ ખતમ થઈ જશે. **મને કહેવા દો કે એ છોકરી જે ભગવાનની પૂજા કરી રહી હતી, એ જ ભગવાનને તમાચો મારી રહી છે. ગામડાની લાખ-દોઢ લાખની કમાણી છોડીને શહેરમાં પાંચ-પચીસ હજારની નોકરી કરતો છોકરો- એ છોકરીની ખોટી જીદનું પરિણામ છે. પોળના પાંચ માળનું મકાન ને ભવ્ય જિનાલયોને છોડીને વનરૂમકિચનમાં કુટાતો છોકરો - એ છોકરીની ખોટી જીદનું પરિણામ છે.**

I ask you, હવે કદાચ ગામડે કે પોળમાં પાછા નહીં જઈ શકો, અહીંથી સ્થળાંતર કરવું નહીં એટલું નક્કી કરવું છે ? આ સંઘ, આ દેરાસર, આ ઉપાશ્રય, આ પાઠશાળા, આ આરાધનામય પરિસર - આને કદી છોડવા નહીં, આટલું નક્કી ખરું ? પૈસા વધે છે ને તમારા નખરાં વધે છે. પોળ નથી ફાવતી, પછી સોસાયટી નથી ફાવતી, પછી out of city જવું છે ને પછી out of country જવું છે. સતત આ સ્થળાંતરોએ શાસનની સમક્ષ કેવા વિકરાળ પ્રશ્નો ખડા કર્યા છે એનો તમને ક્યાં ખ્યાલ છે ?

**જેઓ હોટલમાં રાત્રિભોજન, વોટરપાર્કમાં રમત વગેરે પાપો કરે છે, ને એ પાપોની અનુમોદના થઈ શકે ને લોકોને પણ એ પાપો કરવાની પ્રેરણા મળે એ માટે સોશિયલ મીડિયામાં એની જાહેરાત કરે છે તેઓ પણ આખલા જેવા છે. તેઓ મહાવીરના આદર્શોનું ખૂન કરીને ગામ વચ્ચે ઢંઢેરો પીટે છે કે જુઓ, અમે આ રીતે મહાવીરના આદર્શોનું ખૂન કર્યું, બહુ મજા આવી, તમે પણ ખૂન કરો, બહુ મજા આવશે.**

પરમાત્માએ જે જીવોને તારવા માટે ઘોર ઉપસર્ગો સહ્યા, એ જીવોને

ડુબાડવા માટે આ બધી મહેનત કરતા લોકો શાસનની સામે શિંગડા ભેરવતા આખલા નહીં તો બીજું શું છે ?

શ્રાવકનો દીકરો આઈસ્ક્રીમ ખાય નહીં, કદાચ એ ખાય તો ય જાહેરમાં તો ન જ ખાય. એ સમજે કે હું કપાળકુટલો છું, કે આવું જિનશાસન મળ્યા પછી ય એ અમૃતકુંડને છોડીને આ વિષ્ટાને ચૂંથી રહ્યો છું. પણ મારે મગજકુટલા તો નથી જ બનવું, કે બીજાને ય આવું નબળું આલંબન આપીને, બીજાને ય પાપનું પ્રોત્સાહન આપીને મારા પાપના ગુણાકારો કરી દઉં. **પાપ કરવાનો અર્થ છે ભવસાગરમાં ડુબી જવું, અને પાપનો આવો નફ્ફટ ઢંઢેરો પીટવાનો અર્થ છે ગળે પથ્થર બાંધીને ડુબી જવું.**

**I say, સોશિયલ મીડિયામાં ફોટો મુકવો જ હોય, તો બે ફોટા મુકો. એક તમારા પાપનો ને બીજો નરક ચિત્રાવલીમાંથી શોધેલા ચિત્રનો. સાથે એક Note મુકો - અમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ, માટે અમે આવું પાપ કર્યું, તેથી અમને આ સજા થવાની છે. તમે આવી ભૂલ નહીં કરતાં.**

આજે આત્મનિરીક્ષણ કરવું છે કે જિનશાસનની સમક્ષ હું આખલો બનીને શિંગડા તો નથી મારી રહ્યો ને ? આરાધના, તપસ્યા કે પ્રભાવનાની વાત તો પછી છે, હું શાસનને ક્યાંય નડતો'તો નથી ને ? મારે નથી આખલા બનવું, નથી ગળિયા બળદ બનવું, મારે તો બનવું છે ગાય અને વાછરડા.

❋ ❋ ❋ ❋ ❋

મહો. શ્રીયશોવિજયજી મહારાજાએ સમકિતના ૬૭ બોલની સજ્ઝાયમાં સમ્યક્ત્વના પાંચ આભૂષણ કહ્યા છે, જેમનાથી આપણું સમ્યક્ત્વ શોભે. જેમનાથી આપણું જિનશાસનનું સભ્યપણું શોભે. જેનાથી આપણું જૈનત્વ શોભે. તેમાં પહેલું આભૂષણ છે કુશળતા.

**સોહે સમકિત જેહથી જિમ આભરણે દેહ**
**ભૂષણ પાંચ તે મન વસ્યા તેહમાં નવિ સંદેહ**
**મુજ સમકિત રંગ અચળ હોજો...**

**કુશળપણું** - Expertness, Mastery, Talent... આ છે કુશળપણું. અનાદિકાળથી આ કુશળપણું પ્રમાદમાં હતું, પાપમાં હતું, એક બાણથી બે જીવને મારી નાંખવાની ટેલન્ટ આપણને મળી છે, ભલભલા હોંશિયારને લૂંટી લેવાની ટેલન્ટ આપણને મળી છે, સતીને કુલટા બનાવવાની ટેલન્ટ આપણને મળી છે. પણ મહોપાધ્યાયજી જે ટેલન્ટની વાત કરે છે, એ ટેલન્ટ આપણને કદી પણ મળ્યા નથી. બીજી ટેલન્ટ્સ સંસારને વધારનારી છે, આ ટેલન્ટ સંસારને સમાપ્ત કરી દેનારી છે.

**પહેલું કુશલપણું સખી વંદન ને પચ્ચકખાણ**
**ક્રિયાનો વિધિ અતિ ઘણો આચરે તેહ સુજાણ**

જિનકથિત વંદનાદિ ક્રિયાને વિશુદ્ધપણે કરવી, એમાં ખેદ ન હોય, ચંચળતા ન હોય, એકાગ્રતા હોય, લયલીનતા હોય. અનુયોગદ્વાર સૂત્ર કહે છે - **तच्चित्ते** - ક્રિયા એવી રીતે કરવી કે ચિત્ત એમાં ઓતપ્રોત બન્યું હોય, **तम्मणे** - મન એમાં પરોવાઈ ગયું હોય, **तल्लेसा** - લેશ્યા તદ્રૂપ બની ગઈ હોય.

**માણસ ધંધો કરવા જાય છે તો સારામાં સારો ધંધો થાય એવું લક્ષ્ય લઈને જાય છે, ફરવા જાય છે તો સારામાં સારી રીતે ફરાય એવું સ્વપ્ન લઈને જાય છે, બહાર જમવા જાય તો બેસ્ટ જમણની અપેક્ષા રાખીને જાય છે.**

**મારી ક્રિયા સારામાં સારી જ હોવી જોઈએ આવા કોઈ લક્ષ્ય વગર, ઢંગધડા વગરની, વિધિ-સૂત્ર-મુદ્રા-કાળ-ભાવ વગેરેની શુદ્ધિ વગરની ક્રિયા કરીને આપણે પોતે જ પોતાને મૂર્ખ બનાવીએ છીએ.**

જિનશાસનની શ્રાવક પરંપરામાં એક ચન્દ્રાવતંસક નામના રાજા થઈ ગયા. સામાયિક લીધી. રાજભવનના ભોંયરામાં કાયોત્સર્ગમાં ઊભા છે. દીવો બુઝાય નહીં ત્યાં સુધી કાયોત્સર્ગ પારવો નહીં આ અભિગ્રહ છે, દાસી અજાણપણે ઘી પૂરતી જાય છે. આખી રાત દીવો ને કાયોત્સર્ગ બે ય ચાલે છે, સવારે રાજા કાળ કરીને દેવલોકમાં જાય છે.

**सामायकिव्रतस्थस्य, गृहिणोऽपि शुभात्मनः ।**
**चन्द्रावतंसकस्येव, क्षीयते कर्म सञ्चितम् ।।** યોગશાસ્ત્ર ।।

સામાયિક વ્રતમાં રહેલ શુભાત્મા ગૃહસ્થનું પણ સંચિત કર્મ ક્ષય પામે છે. જેમ ચન્દ્રાવતંસક રાજાનું કર્મ ક્ષય પામ્યું હતું.

જિનશાસનની ઉપાધ્યાય પરંપરામાં એક સકલચન્દ્રજી ઉપાધ્યાય થઈ ગયા. જ્યાં સુધી બાજુવાળા કુંભારનો ગધેડો ન બોલે ત્યાં સુધી કાયોત્સર્ગ પારવો નહીં એવો અભિગ્રહ લીધો. કુંભાર ગધેડાને લઈને બહારગામ ગયો હતો. બીજા દિવસે આવ્યો. પૂજ્યશ્રી સતત કાયોત્સર્ગમાં રહ્યા. એ કાયોત્સર્ગ દરમિયાન ૧૭ ભેદી પૂજાની રચના કરી.

ક્રિયા જેને Dry લાગે છે, કંટાળાજનક લાગે છે, તેઓ ક્રિયાને નથી સમજ્યા, તેઓ જ્ઞાનને પણ નથી સમજ્યા. સવાસો ગાથાના સ્તવનમાં મહો. યશોવિજયજી મહારાજ કહે છે -

**હેમ પરીક્ષા જિમ હુએ સહત હુતાશન તાપ,**
**જ્ઞાનદશા તિમ પરખીએ જિહાં બહુ ક્રિયા વ્યાપ.**

અગ્નિ એ સુવર્ણની પરીક્ષા છે. ક્રિયા એ જ્ઞાનની પરીક્ષા છે. ખરો જ્ઞાની એ છે જે ઘણી ક્રિયા કરે છે.

સમકિતી આત્મા એ છે જેને જિનશાસનની દરેક ક્રિયામાં પારસમણિના દર્શન થાય છે. સમકિતી એ છે જેને જિનશાસનની દરેક ક્રિયામાં સાક્ષાત્

સુવર્ણસિદ્ધિરસ દેખાય છે. સમકિતી એ છે જેને જિનશાસનની દરેક ક્રિયામાં કેવળજ્ઞાનનું બીજ દેખાય છે.

**जोगे जोगे जिणसासणम्मि दुक्खखया पउंजंते ।**
**इक्किक्कम्मि अणंता, वट्टंता केवली जाया ॥ ओघनिर्युक्ति ॥**

જિનશાસનનો દરેક યોગ મોક્ષદાયક છે. એ દરેક યોગમાં વર્તતા અનંત આત્માઓ કેવળજ્ઞાન પામી ચૂક્યા છે.

**जा दव्वे होइ मई, अहवा तरूणीसु रूववंतीसु ।**
**सा चे जिणवरमए, करयलगया तया सिद्धी ॥**

સંપત્તિમાં કે સુરૂપ યુવતીમાં જે ઉપાદેયબુદ્ધિ થાય છે, તે જો જિનશાસન પ્રત્યે થાય, તો સિદ્ધિ હથેળીમાં છે.

* * * * *

આપણા પાંચ દોષો જિનશાસનની હેરાનગતિ કરે છે, એના અભ્યુદયને અટકાવીને એના પર અત્યાચાર કરે છે.

**(૧) અહંકાર** - 'નમો'થી જિનશાસન શરૂ થાય છે. 'અહં'થી જિનશાસન પૂરું થાય છે. સાસુએ ભિખારીને 'ના' કહેવા માટે પાછો બોલાવ્યો, કારણકે ઘર વહુનું નથી. એ રીતે મૂઢ જીવો પોતાના અહંની પૂર્તિ માટે જિનશાસનને હેરાન કરતા હોય છે. એક માણસને મન થાય કે 'મારે નવું ઘર એકદમ ઊંચું બનાવવું છે. એ માટે ફલોરિંગમાં ઘણું દળ ભરવું પડે એ દળ ક્યાંથી લાવવું ? હા, બાજુમાં દેરાસર છે, એને તોડીને એનું દળ ભરી દેવાય. મને કોણ રોકવાનું ? ને કોઈ કાંઈ બોલે તો હું પહોંચી વળું તેમ છું.' ને ખરેખર એ માણસ એવું કરે, તો એ કેવો કહેવાય ? પોતાના અહં ખાતર શાસનનો ડુચો કરી દેનાર વ્યક્તિ હકીકતમાં આવું જ કામ કરી રહી છે. **પોતાની ભાખરી શેકવા માટે શાસનને રફે-દફે કરનાર વ્યક્તિ હકીકતમાં મહાવીર પાસે પોતાના ઘરની રસોઈ કરાવી રહી છે. એ વ્યક્તિ મહાવીરના માથે ચડીને ઊંચા તરીકે સાબિત થવાનો પ્રયાસ કરી રહી છે. એ વ્યક્તિ મહાવીરની પ્રતિમાને ગાળીને પોતાના ઘરેણાં બનાવવાનો પ્રયાસ કરી રહી છે.** જિનશાસનની પરંપરામાં જે ઊંચામાં ઊંચા મહાપુરુષો પણ થઈ ગયા, તેમણે ય લેશ પણ ઊંચા પુરવાર થવાનો પ્રયાસ કર્યો નથી, પણ પોતાના નીચત્વની જ વાત કરી છે. ક.સ.હેમચન્દ્રચાર્ય કહે છે - **क्वाहं पशोरपि पशुः** ? ક્યાં હું પશુથી ય પશુ ?

કુમારપાળ મહારાજા કહે છે - **अहं प्रभोर्निर्गुणचक्रवर्ती क्रूरो दुरात्मा हतकः सपाप्मा** - ઓ નાથ ! હું એટલે નિર્ગુણોનો ચક્રવર્તી, ક્રૂર, દુષ્ટ, અધમ, પાપી...

પૂ.હરિભદ્રસૂરિ મહારાજા કહે છે - **हा अणाहा कहं हुंता ण हुंतो जइ जिणागमो** - જો જિનાગમ ન હોત, તો અમે સાવ જ અનાથ હોત.

પૂ. યશોવિજયજી મહારાજા કહે છે -

**अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानाम् ।**

**अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥ न्यायालोक ॥**

અમારા જેવા પ્રમાદગ્રસ્ત, ચરણકરણહીનને જેમ દરિયામાં નાવ, તેમ શાસનરાગ શુભનો ઉપાય છે.

પૂ. ઉમાસ્વાતિ મહારાજા કહે છે -

**रत्नाकरादिव जरत्कपर्दिकामुद्धृतां भक्त्या ।**

આ પ્રશમરતિગ્રંથ એટલે જિનશાસનના રત્નાકરમાંથી મેં કાઢેલી એક જૂની કોડી. (પોતાની કૃતિનું કેવું મૂલ્યાંકન ! ને જિનશાસનનું કેવું મૂલ્યાકન !)

સુકૃતોની શ્રેણિને સર્જનારા વસ્તુપાળ મંત્રીએ અંત સમયે કહ્યું હતું - **कृतं न सुकृतं किञ्चित् सतां संस्मरणोचितम्** - સજ્જનોને યાદ કરવા યોગ્ય કોઈ સુકૃત મેં કર્યું નથી. **पाविओ जिणधम्मो हारिओ** - આવું અદ્ભુત જિનશાસન મને મળ્યું પણ હું એને હારી ગયો.

પૂ. ગૌતમસ્વામી માટે ઉપદેશમાલા કહે છે -

**जाणंतो वि तयत्थं विम्हियहियओ सुणइ सव्वं ।**

પ્રભુ દ્વારા કહેવાતા પદાર્થોના જ્ઞાતા હોવા છતાં જાણે સાવ જ અબુઝ બાળક હોય એમ વિસ્મિત હૃદયે બધું સાંભળતા હતાં.

પૂ. સુધર્માસ્વામીએ દરેક આગમને અવતરણ ચિહ્નમાં લખ્યું છે - **सुअं मे... त्ति बेमि.**

જ્ઞાનસાર કહે છે -

**उच्चत्वदृष्टिदोषोत्थ-स्वोत्कर्षज्वरशान्तिकम् ।**
**पूर्वपुरुषसिंहेभ्यो भृशं नीचत्वभावनम् ॥**

ઉચ્ચત્વની દૃષ્ટિના દોષથી થયેલ અહંકારના તાવની શાંતિ કરવી છે ? એનો ઉપાય છે પૂર્વપુરુષસિંહોથી પોતાને ખૂબ જ નીચા માનવું.

તુલના કરીએ તો ખબર પડે - ક્યાં એ મહાપુરુષો ! ક્યાં એમના ગુણો, ક્યાં એમની નમ્રતા, ક્યાં આપણા દોષો ને ક્યાં આપણો અહંકાર !

એક ઘટના વાંચી હતી – ઈશુ ખ્રિસ્તને મન થયું, 'ચાલો, હવે ૨૦૦૦ વર્ષ થઈ ગયા છે, મારા અનુયાયીઓ, ચર્ચો બધુ વધ્યું છે, તો હું નીચે જાઉં.' નીચે આવ્યા. શહેરના મોટા ચર્ચના દરવાજે ઊભા રહ્યા, મોટી મેદની ભેગી થઈ. ફાધરે 'આ બહુરૂપિયો છે' – એમ કહી એમને ભોંયરામાં પૂરી દીધાં. આખો દિવસ ઈશુ રડ્યા. 'શું થશે ? મારે ફરી ક્રોસ પર ચડવું પડશે ? એ ય મારા માણસોને હાથે ?...' રાતે ૧૧ વાગે એ કાલ કોટડી ખુલી. ફાધર આવીને પગમાં પડ્યાં. 'આખરે મને ઓળખી લીધો ને ?' 'ઓળખી તો સવારે જ લીધા હતાં.' 'તો પછી મારી સાથે આવો વ્યવહાર કેમ કર્યો ?' 'તમે જ્યારે જ્યારે આવો છો, ત્યારે ત્યારે મોટી ગરબડ કરી દો છો. તે સમયે તે વિરોધીઓની વાટ લાગી ગઈ હતી, ને હવે અમારી વાટ લાગી જાય એવું છે. જુઓ, અમે બધું બરાબર ગોઠવેલું છે, તમે આવો ને અમારો પર્દાફાશ કરો, તો અમારી દુકાન બંધ થઈ જાય. અમે તમારી મૂર્તિની પૂજા કરશું, એના પ્રેયર્સ કરાવશું. તમે અહીંથી જાવ. ને જો નહીં ગયા તો ફરી તમારા એ જ હાલ થશે.'

**અહમ્‌ની લ્હાય સત્યરક્ષા ને સિદ્ધાન્તનિષ્ઠાના નામે શાસનદ્રોહ કરાવી શકે છે. આ જ નામે સત્ય ને સિદ્ધાન્તનું ખૂન કરી શકે છે, ખુદ મહાવીર આવે, તો તેમને ય પ્રતિસ્પર્ધીરૂપે જોઈ શકે છે, ને એ ફાધર જેવો વ્યવહાર કરી શકે છે.**

**પ્લીઝ, તોડી નાંખો અહમ્‌ને, નામશેષ કરી દો એને, એના વિના શાસનસેવા કે મોક્ષ કશું જ સંભવિત નથી.**

**(૨) અસૂયા** – ઈર્ષ્યા. જેલસી. આપણને શાસનશત્રુ બનાવનાર બીજો દોષ આ છે. કુંતલા રાણી બીજી રાણીઓની જિનભક્તિની ઈર્ષ્યા કરીને કૂતરી થઈ હતી. ઈર્ષ્યાળુની દશા કૂતરાથી ય ખરાબ છે. કૂતરાને 'તમે છો' – ની તકલીફ છે. ઈર્ષ્યાળુને 'તમે સારા છો' ની તકલીફ છે. એકમાં અસ્તિત્વનો વિરોધ છે, બીજામાં સમ્યક્ત્વનો વિરોધ છે. સમ્યક્ત્વના વિરોધીને અનંતકાળે ય સમ્યક્ત્વ મળે કે કેમ એ પ્રશ્ન છે. શાંતસુધારસમાં પૂ. વિનયવિજયજી મહારાજ કહે છે –

जिह्वे प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना,
भूयास्तामन्यकीर्ति-श्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ ।
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं, द्रूतमुपचिनुतं, लोचने रोचनत्वं,
संसारेऽस्मिन्नसारे, फलमिति भवतां, जन्मनो मुख्यमेव ॥

ઓ જીભ ! તું પુણ્યશાળીઓના સત્કાર્યોની અનુમોદના કરવામાં ખૂબ પ્રસન્ન બની જા, બીજાની કીર્તિ સાંભળવાના રસથી મારા કાન ચતુર બની જાઓ. બીજાની જબરદસ્ત સંપત્તિને જોઈને મારી આંખોને ખૂબ રુચિકર અનુભવ થાઓ. આ અસાર સંસારમાં તમારા જન્મનું ફળ આ જ છે.

**પ્રમોદભાવ-શારીરિક, માનસિક, આરોગ્યભાવનો ટોનિક છે. ઈર્ષ્યા તન-મન-આત્માને ખોખલા કરી દેનારી ઉધઈ છે. ઘરમાં ઉધઈ ન થાય એ માટે આપણે સાવધાન છીએ, ઉધઈ થઈ ગઈ હોય, તો એને દૂર કરવા માટે આપણે બધું જ કરી છૂટશું, પણ આપણા આત્મામાં ઈર્ષ્યાની ઉધઈ થઈ ગઈ હશે, એને દૂર કરવા માટે આપણો શું પ્રયાસ છે ?**

ધંધાના હરીફ પડોશીને ફાંસી અપાવવા મરતા બાપે દીકરાઓ પાસે વચન લીધું - મારા શરીરના ટુકડા એના આંગણે દાટીને પછી ખૂનનો કેસ કરી એને ફાંસી અપાવજો. મહાભારત કહે છે -

असूयैकपदं मृत्युः ।

ઈર્ષ્યા એ વન સ્ટેપ ડેથ છે.
કે સડન ડેથ છે.

રામની ઈર્ષ્યાથી કૈકેયીએ અનુચિત માંગણી કરી હતી. ભગવાનની ઈર્ષ્યાથી અચ્છંદકે એમને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. મહાત્માની ઈર્ષ્યાથી વેગવતીએ એમના પર કલંક ચડાવ્યું હતું. ને આવા કરતૂતોથી તે દરેકે પોતે જ દુષ્પરિણામ ભોગવ્યું હતું. અધ્યાત્મકલ્પદ્રુમમાં પૂ. મુનિસુંદરસૂરિ મહારાજા કહે છે -

नूनं प्रमादैर्भववारिधौ मुने !,
तव प्रपातः परमत्सरः पुनः ।

गले निबद्धोरुशिलोपमोऽस्ति चेत्,
कथं तदुन्मज्जनमप्यवाप्स्यसि ?॥

ઓ મુનિ ! તારા પ્રમાદોથી ભવસાગરમાં તારું ડુબવાનું તો નક્કી જ છે, પણ એમાં ય તું જે બીજાની ઈર્ષ્યા કરે છે ને ? એ તો ગળે બાંધેલી મોટી શિલા જેવી છે. તો પછી તું ઉપર પણ કઈ રીતે આવી શકીશ ?

બીજાની બાહ્ય સમૃદ્ધિ કે આંતર ગુણવૈભવની ઈર્ષ્યા - કરવાથી તે તે વસ્તુનો અંતરાય બંધાય છે. તેનાથી રાજી થવાથી તે તે વસ્તુ પ્રાપ્ત થાય છે. પૂ.ભુવનભાનુસૂરિ મ.એ શ્રાવકની મોટી શાંતિની અનુમોદના કરવા માટે બીજા દિવસે આંબેલ કરેલ. પૂ.પ્રેમસૂરિ મ.એ ધન્ના અણગારની સજ્ઝાય સાંભળીને એમની અનુમોદના માટે અટ્ઠમની તપસ્યા કરી હતી. ગુણ જોઈને આનંદ ન થાય, આરાધના જોઈને હર્ષ ન થાય, સાધુ-સાધ્વીજીને જોઈને માથું ઝુકી ન જાય, તો સમજી લેવું કે આપણે ભારેકર્મી છીએ.

સુખી થવું હોય, તો બીજાના સુખને જોઈને રાજી થાવ. ગુણી થવું હોય, તો બીજાના ગુણને જોઈને રાજી થાવ. આરાધક થવું હોય, તો બીજાની આરાધના જોઈને રાજી થાવ. પ્રભાવક થવું હોય, તો બીજાની પ્રભાવના જોઈને રાજી થાવ. શ્રીમંત થવું હોય, તો બીજાની શ્રીમંતાઈ જોઈને રાજી થાવ. આ બધી બાબતમાં રાજી થવાની બદલે જે અકળાય છે, ઈર્ષ્યા કરે છે, તે સુખી, ગુણી, આરાધક, પ્રભાવક કે શ્રીમંત કશું બની શકતો નથી, તે કૂતરો બની શકે છે.

श्वा वै भवति मत्सरी ।

ક્રોધથી સાપ થવાય છે ને સાપને ક્રોધ ખૂબ હોય છે. કપટથી શિયાળ થવાય છે ને શિયાળમાં કપટ ખૂબ હોય છે. બરાબર એ જ રીતે ઈર્ષ્યાથી કૂતરો થવાય છે ને કૂતરાને ઈર્ષ્યા ખૂબ હોય છે.

શું મળે છે ઈર્ષ્યાળુને ? ઈર્ષ્યા કરતી વખતે એ દુઃખી જ હોય છે. ઈર્ષ્યાથી કર્મ બાંધે છે ને એ કર્મોના ઉદય વખતે અનેકગણો દુઃખી થઈ જાય છે.

**ઈર્ષ્યાનો અર્થ છે અનંત તીર્થંકરોનો દ્રોહ. ઈર્ષ્યાના ગર્ભમાં એવો આશય હોય છે, કે તમે સુખી કે ગુણવાન ન હોવા જોઈએ. અનંત તીર્થંકરોએ જે જીવોના કલ્યાણની ભાવના ભાવી, અનંત તીર્થંકરોએ જે જીવોને સુખ કરવાનો મનોરથ સેવ્યો, એ જીવોને દુઃખી જોવાની ઈચ્છા એ અનંત તીર્થંકરોનો દ્રોહ નથી તો બીજું શું છે ? ઈર્ષ્યાળુ અનંત તીર્થંકરોના વિરોધ પક્ષમાં બેઠો હોય છે.**

ઈર્ષ્યાનો અર્થ છે માનસિક રીતે કસાઈ હોવું. શારીરિક કસાઈ શરીરથી હિંસા કરે છે, માનસિક કસાઈ મનથી હિંસા કરે છે. ઈર્ષ્યાનો અર્થ છે માનસિક હિંસા. કોઈ પાયમાલ હોય, દુઃખી ને પીડિત હોય, એના આનંદના મૂળમાં ઈર્ષ્યા હોય છે.

ઈર્ષ્યાનો અર્થ છે ભયાનક નિષ્ઠુરતા. શારીરિક હિંસાના મૂળમાં પેટ ભરવા વગેરેની મજબૂરી પણ હોઈ શકે છે. માનસિક હિંસાના મૂળમાં ભયાનક નિષ્ઠુરતા સિવાય બીજું કશું જ નથી.

ઈર્ષ્યાનો અર્થ છે કોઈ સારી વ્યક્તિને ભસવું. અર્થાત્ સારપને ભસવું. અર્થાત્ સારપના વિરોધી હોવું અર્થાત્ ખરાબીના પક્ષપાતી હોવું. અર્થાત્ ખરાબીના ઈચ્છુક હોવું. અર્થાત્ તામસી હોવું/રાક્ષસ હોવું/નરપિશાચ હોવું. ભસનારા લાગ મળે તો કરડનારા હોય છે. મારું ચાલે તો તારું ધનોત-પનોત કાઢી નાખું, આ ઈર્ષ્યાનો ગર્ભાર્થ હોય છે. કોઈ નિર્દોષની માર-પીટ કે હત્યા કરે તો ઈર્ષ્યાળુ વ્યક્તિ ભલમનસાઈ બતાવશે, પણ પોતે હકીકતમાં એની જ કેટેગરીનો છે, આ ખ્યાલ એને નહીં આવે. ધનોત-પનોત કાઢવું હોય તો ઈર્ષ્યાનું જ ધનોત-પનોત કાઢો. આપણી સાથેની કટ્ટર શત્રુતા એ જ કરી રહી છે.

ઉપદેશમાલામાં પૂ.ધર્મદાસગણિ મહારાજા કહે છે -

**अइसुट्ठिओ त्ति गुणसमुइओ त्ति जो ण सहइ जइपसंसं ।**
**सो परिहाइ परभवे जह महापीढपीढरिसी ॥**

ખૂબ સુસ્થિત છે. ગુણના સમ્યક્ ઉદયવાળા છે. આ રીતે જેઓ મુનિની

પ્રશંસાને સહન નથી કરી શકતા, તેઓ પરલોકમાં ખૂબ નુકશાન પામે છે. જેમ કે પીઠ-મહાપીઠ મુનિઓ આ રીતે ઈર્ષ્યા કરીને બ્રાહ્મી-સુંદરી તરીકેનો સ્ત્રીનો અવતાર પામ્યા હતા.

દુષ્કર-દુષ્કરકારક - આ રીતે સ્થૂલભદ્રસ્વામીની યથાર્થ પ્રશંસાને સહન ન કરી તો સિંહગુફાવાસી મુનિ પતન પામ્યા. જ્યાં જ્યાં ઈર્ષ્યાની ઘટના છે, ત્યાં ત્યાં સિંહગુફાવાસી મુનિની ઘટના છે, ને ત્યાં ત્યાં પતનની ઘટના છે. પૂ.હરિભદ્રસૂરિ મહારાજાએ એક ગ્રંથના અંતે લખ્યું છે કે મારા આ ગ્રંથસર્જનથી જે પુમ્ય ઉપાર્જિત થયું હોય, તેનાથી દુનિયા ઈર્ષ્યામુક્ત થઈ જાઓ.

શેઠ વિદેશ જઈ આવ્યા હતા. ગાડી એરપોર્ટથી ઘર તરફ જઈ રહી છે. શેઠાણી ખુશ છે, કારણ કે શેઠ ૫ લાખ કમાઈને આવ્યા છે. શેઠ નાખુશ છે, કારણ કે એમના મિત્રો ૨૫ લાખ કમાયા છે.

ઈર્ષ્યાળુ પાસે પોતાની જુદી જ દુનિયા છે ને એ દુનિયામાં દર્દ અને ગમગીની સિવાય બીજું કશું જ નથી. છગન એની પત્નીને લઈને સાડીના સ્ટોરમાં ગયો. દુકાનદારે કહ્યું, 'તમને કેવી સાડી જોઈએ ?' છગનની પત્નીએ કહ્યું, 'પડોશણો સળગી ઉઠે તેવી.' સાડી શેના માટે ? શરીર ઢાંકવા કે બીજાનો જીવ બાળવા ?

પૂ. હરિભદ્રસૂરિ મહારાજા યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથમાં કહે છે - **मात्सर्यविरहेणोच्चैः** - તમે ઈર્ષ્યાથી સંપૂર્ણપણે મુક્ત બની જાઓ. ઈર્ષ્યાનો છાંટો ય તમારામાં રહેવા દેશો નહીં.

**(૩) અવર્ણવાદ** - નિંદા. ક્રિટિસિઝમ. મા નકામા કપડાં/કાગળ/ઠીકરાથી બાળકની ગંદકી સાફ કરે છે, ને દુર્જન જીભ, તાળવા ને ગળાથી બીજાની ગંદકી સાફ કરે છે. દુર્જનના પક્ષમાં એક વાત વધુ છે કે તે અનેકગણો ગંદો થઈ જાય છે. પ્રશમરતિમાં પૂ.ઉમાસ્વાતિ મહારાજ કહે છે -

**परपरिभवपरिवादा-दात्मोत्कर्षाच्च बध्यते कर्म ।**
**नीचैर्गोत्रं प्रतिभव-मनेकभवकोटिदुर्मोचम् ॥**

બીજાનું અપમાન અને નિંદા કરવાથી અને પોતાની પ્રશંસા કરવાથી દરેક ભવે નીચગોત્ર કર્મ બંધાય છે. કરોડો ભવોથી ય એ કર્મનો અંત થતો નથી.

એક વ્યક્તિના અનેક પાસા હોય છે, **दृष्टं किमपि लोकेऽस्मिन् न निर्दोषं न निर्गुणम्** - કોઈ સર્વથા નિર્દોષ પણ નથી હોતું ને સર્વથા નિર્ગુણ પણ નથી હોતું. એ વ્યક્તિના ઘણા પાસામાંથી આપણને દોષની જ વિશેષતા દેખાય, એ હકીકતમાં આપણી પોતાની વિશેષતાનું લક્ષણ હોય છે. ગીધની નજર મડદાં પર હોય છે, ભૂંડની નજર વિષ્ટા પર હોય છે, નિંદકની નજર દોષ પર હોય છે. નિંદાની વાત એ નિંદ્યનો નહીં, પણ નિંદકનો પરિચય હોય છે.

ભવભાવનામાં ભુવનભાનુ કેવલી ચરિત્રમાં એક રોહિણી નામની શ્રાવિકાનો ભવ આવે છે. ખૂબ આરાધક, ખૂબ ગુણવાન, જબરદસ્ત સ્વાધ્યાય કરનારી, એક લાખ ગાથાઓને કંઠસ્થ કરનારી. પણ એક નિંદાના રસથી બધી ગાથાઓને ભૂલી. આખા નગરમાં વગોવાઈ. ને છેવટે રાણીની ખોટી નિંદા કરવાના અપરાધમાં દેશનિકાલ કરાઈ. ખરાબ રીતે મરીને દુર્ગતિમાં ગઈ. ઉપદેશમાલામાં પૂ.ધર્મદાસગણિ મહારાજા કહે છે -

**सुट्ठु वि उज्जममाणं पंचेव करिंति रित्तयं समणं ।**
**अप्पथुई परणिंदा जिब्भोवत्था कसाया य ।।**

ખૂબ સારી રીતે ઉદ્યમ કરતા શ્રમણને પણ પાંચ વસ્તુ 'ખાલી' કરી દે છે. (૧) સ્વપ્રશંસા (૨) પરનિંદા (૩) રસલાંપટ્ય (૪) અબ્રહ્મ (૫) કષાયો.

**સાધક બનવું હોય, તો બીજાના દોષોને કહેવા-સાંભળવા-જોવા માટે મૂંગા-બહેરા-આંધળા બની જાઓ. સ્ત્રીની બાબતમાં નપુંસક બની જાઓ, જ્યાં-ત્યાં ભટકવાની બાબતમાં પાંગળા બની જાઓ ને યૌવનમદની બાબતમાં ઘરડાં બની જાઓ.**

સ્વદોષ પ્રત્યે જેવી સહિષ્ણુતા છે એવી સહિષ્ણુતા પરદોષ પ્રત્યે ન હોય, તો આપણે પક્ષપાતી છીએ.

પૂ.લબ્ધિસૂરિ મ. શિષ્યોને કહેતા હતા કે 'તમે સંવત્સરીએ નવકારશી કરશો, તો હું ચલાવી લઈશ, પણ કોઈની નિંદા કરશો તો નહીં ચલાવું.'

**સંવત્સરીએ નવકારશી કરવામાં વધુ દોષ કે નિંદા કરવામાં વધુ દોષ ? નવકારશીમાં મજબૂરી હોઈ શકે છે, નિંદામાં મજબૂરીનો કોઈ અવકાશ જ નથી. 'જસ્ટ વાત'ની અંદર આપણે કેટકેટલું સાંકળી લેતા હોઈએ છીએ, બે-ચાર વાક્યોની અંદર આપણે આપણા પુણ્યને બાળી નાંખતા હોઈએ છીએ, એનો આપણને અંદાજ જ નથી.**

બજારમાં બે સખીઓ મળી. એકે વાત શરૂ કરી. પેલી તો એના પતિની નિંદા જ કર્યા કરે છે. મારા પતિ ભલે જુગારી છે, દારૂ પીવે છે ને ચોરી ય કરે છે, તો પણ હું કોઈને કહેતી નથી.

'જસ્ટ વાત'ના લેબલ નીચે ઢીંચાતો નિંદાનો રસ આપણા આત્માની ખૂબ ખૂબ ખાનાખરાબી કરે છે, યુધિષ્ઠિરને કોઈ ખરાબ ન'તો લાગ્યો, દુર્યોધનને કોઈ સારો ન'તો લાગ્યો. આપણને હકીકતમાં કોઈ નથી 'લાગતું' આપણી જાત જ 'લાગતી' હોય છે. દોષો પ્રત્યેની આંતરિક આકર્ષણ-લાગણી વિના નિંદા શક્ય નથી. આ લાગણી આત્માની અધોગતિ કરાવે એમાં શું આશ્ચર્ય છે ? માટે જ મહો.શ્રી યશોવિજયજી મહારાજા કહે છે -

**નિંદક નિશ્ચે નારકી**

નિંદા કરનારની નરકગતિ નિશ્ચિત છે.

કવિ ઋષભદાસજી કહે છે -

**માસખમણને પારણે એક સિક્થ લઈ ખાય ।**
**પર નર નિંદા નવિ તજે નિશ્ચે નરકે જાય ।।**

માસખમણને પારણે માસખમણનો તપ ચાલતો હોય, પારણે ફક્ત એક જ દાણો લેવાતો હોય, એ વ્યક્તિ પણ જો નિંદા ન છોડે તો એ નક્કી નરકમાં જવાનો.

**નિંદા એ હિંસા છે. નિંદા એ હત્યા છે. આપણી નિંદા થાય એ જેમ આપણને ગમતું નથી એમ પોતાની નિંદા થાય એ કોઈને ગમતું નથી.**

નિંદાનો અર્થ છે ભૂંડ બનવું અને દોષોની વિષ્ટાને ચૂંથવી.

નિંદાનો અર્થ છે કૂતરા બનવું અને કારણે કે વગર કારણે ભસ ભસ કરવું.

**નિંદાનો અર્થ છે સાપ બનવું અને જે નજરમાં આવે એને ડંખ મારવો.**

**નિંદાનો અર્થ છે ગીધ બનવું ને વિરાટ ધરતીમાંથી ય મડદું શોધી કાઢવું.**

**નિંદાનો અર્થ છે કાનખજૂરા બનવું ને બીજાના કાનનો ખાત્મો બોલાવી દેવો.**

નિંદાનો અર્થ છે એક સાથે બે તીર છોડવા, પોતાને ને બીજાને એક સાથે વીંધી દેવા.

નિંદાનો અર્થ છે એક દાવો, કે સારો તો હું જ હોઈ શકું.

સડેલી કૂતરીમાં ય ઉજ્જ્વળ દંતપંક્તિ જોવાની શ્રીકૃષ્ણની દૃષ્ટિ, કમઠમાં ય ધરણેન્દ્રને જોવાની પ્રભુ પાર્શ્વની દૃષ્ટિ, સંગમ ને શૂલપાણિમાં ય પ્રિયબંધુને જોવાની પ્રભુ વીરની દૃષ્ટિ મળી જાય, તો સમજી લેવું કે આપણો મોક્ષ નજીકમાં છે. અધ્યાત્મકલ્પદ્રુમમાં પૂ.મુનિસુંદરસૂરિ મહારાજા કહે છે -

**श्रुत्वाऽऽक्रोशान् यो मुदा पूरितः स्याद्,**
**लोष्टाद्यैर्यश्चाऽऽहतो रोमहर्षी ।**
**यः प्राणान्तेऽप्यन्यदोषं न पश्ये-**
**देष श्रेयो द्राग् लभेतैव योगी ॥**

ત્રણ વસ્તુ મળે તો મોક્ષ સાવ જ સમીપમાં છે (૧) આક્રોશોથી જો આનંદ મળે (૨) ઢેફાં-પથરાંના મારથી જો રોમાંચ મળે, અને (૩) મરણાન્ત કષ્ટ આપનારમાં પણ જો અદોષદર્શન મળે... જેને પોતાના ખૂનીમાં ય લવલેશ પણ દોષ ન દેખાય, એનો મોક્ષ એના હાથમાં છે.

શાંત ચિત્તે એક કલ્પના કરીએ, પ્રભુને કોઈ પૂછે છે, ગોશાળો કેવો ? સંગમ કેવો ? What do you think, what will be the answer ? યાદ આવે આત્મસર્વસ્વમ્ -

एकमेव यथा रत्न-मावृतं वाऽप्यनावृतम् ।
एक एव तथा ह्यात्मा-ऽप्यावृतो वाऽप्यनावृतः ॥

રત્ન ઢાંકેલું હોય કે ખુલ્લું એ એક જ છે, એ રીતે આત્મા કર્માવૃત હોય કે કર્મમુક્ત, એ એક જ છે.

આદિત્યપુરાણ કહે છે -

न पापं पापिनां ब्रूयात्, तथा पापमपापिनाम् ।
सत्येन तुल्यदोषी स्या - दसत्येन द्विदोषभाक् ॥

પાપી કે અપાપી કોઈની નિંદા ન કરશો. સાચી નિંદાથી એટલા જ દોષના ભાગી થવાય છે ને કોટી નિંદાથી બમણો દોષ લાગે છે.

પદ્મપુરાણ કહે છે -

द्विषामपि च दोषान् ये, न वदन्ति कदाचन ।
कीर्त्तयन्ति गुणांश्चैव, ते नराः स्वर्गभागिनः ॥

જેઓ દુશ્મનના પણ દોષોને કદી બોલતા નથી અને તેમના પણ ગુણોનું જ કીર્તન કરે છે, તે નરો સ્વર્ગભાગી થાય છે.

પુષ્પમાલામાં પૂ.મલધારી હેમચન્દ્રસૂરિજી મહારાજા કહે છે -

भूरिगुणा विरल च्चिय इक्काइगुणो वि जणो ण सव्वत्थ ।
णिद्दोसाण वि भद्दं पसंसिमो थेव दोसे वि ॥

ઘણા ગુણોવાળા જીવો તો વિરલ હોય છે. જેમનામાં એકાદ ગુણ હોય, તેવા જીવો પણ બધે નથી હોતાં. જેનામાં દોષ નથી તેમને ય ધન્યવાદ. અરે, જેમનામાં થોડા જ દોષ છે એમની ય અમે પ્રશંસા કરીએ છીએ.

**મોક્ષે જવું છે ? તો બધાંનું સારું જ જુઓ, બધાંનું સારું જ બોલો, બધાંનું સારું જ કરો અને બધાં માટે સારા જ થઈ જાઓ.**

જેનામાં કોઈ જ ગુણ ન હોય, એવો તો અભવ્ય પણ નથી હોતો. એ ય ઉપકારગુણથી બીજાનો સહાયક બનતો હોય છે. સજ્જન હોય, એ તેના પણ ગુણની જ વાત કરશે, પાપની નહીં. નિંદાત્યાગ એ સજ્જનતા

છે. નિંદાત્યાગ એ વશીકરણ છે. જ્ઞાનીઓ કહે છે -

**यदीच्छसि वशीकर्तुं जगदेकेन कर्मणा ।**
**परापवादशस्येभ्यो गां चरन्तीं निवारय ॥**

જો તારે એક જ કામથી વિશ્વનું વશીકરણ કરવું હોય, તો પરનિંદાનો ચારો ચરતી તારી વાણીનું નિવારણ કર.

પૂ. હરિભદ્રસૂરિ મહારાજા ધર્મબિન્દુમાં કહે છે -

**सर्वत्र निन्दासन्त्यागः**

કોઈની પણ નિંદાનો ત્યાગ કરો.

પૂ. હેમચન્દ્રાચાર્ય યોગશાસ્ત્રમાં કહે છે -

**अवर्णवादी न क्वापि राजादीषु विशेषतः ।**

માર્ગાનુસારી આત્મા એ છે, જે કોઈની પણ નિંદા નથી કરતો, રાજા વગેરેની તો સુતરાં નિંદા નથી કરતો.

**(૪) આસક્તિ** - પૈસા, સ્ત્રી, ખાવા-પીવા વગેરે કોઈ પણ વસ્તુની તમને ખૂબ આસક્તિ હશે, તો તમે શાસનની સેવા તો નહીં જ કરી શકો, ઉપરથી શાસનને નુકશાન કરી બેસશો.

પૃથ્વીરાજ ચૌહાણ સંયુક્તા પાછળ પાગલ ન હોત, તો ભારતનો ઈતિહાસ કંઈક જુદો હોત. મુંજ જો મૃણાલની પાછળ પાગલ ન બન્યો હોત, તો એનું ભવિષ્ય કંઈક જુદું જ હોત. નેપોલિયનને એની પત્નીની આસક્તિ ન હોત તો એ વિજેતા બની શક્યો હોત. રાવણ જો સીતામાં આસક્ત ન થયો હોત, તો રામાયણની કથા જુદી જ હોત. દુઃશાસન ને દુર્યોધન જો દ્રૌપદીની મર્યાદાને જાળવી શક્યા હોત, તો મહાભારતની કથા જુદી જ હોત.

આસક્તિ સંયમની ય બાધક છે, સંસારની ય બાધક છે, ને શાસનની સેવા કરવાની પણ બાધક છે. આસક્તિ નાકનો મેલ છે, એમાં ચોંટેલી માખી જેમ બધી રીતે નકામી બની જાય છે. એમ આસક્ત વ્યક્તિ બધી

રીતે નકામી બની જાય છે. નીતિવાક્યામૃતમ્ કહે છે -

**न तस्य धर्मो धनं शरीरं वा यस्य स्त्रीष्वत्यन्तमासक्तिः ।**

જેને સ્ત્રીમાં અત્યંત આસક્તિ છે, તે ધર્મ, ધન અને શરીરથી હાથ ધોઈ નાંખે છે.

યાદ આવે ઈન્દ્રિયપરાજયશતક -

**खेलम्मि पडियमप्पं जह ण तरइ मच्छिया विमोएउं ।**
**तह विसयखेलपडियं ण तरइ अप्पं पि कामंधो ॥**

શ્લેષ્મમાં પડેલી માખી ને વિષયમાં પડેલો કામાંધ પોતાને છોડાવવા માટે અસમર્થ હોય છે.

યાદ આવે ઉત્તરાધ્યયનસૂત્ર -

**णागो जहा पंकजलावसन्नो, दट्ठुं थलं णाभिसमेइ तीरं ।**
**एवं वयं कामगुणेसु गिद्धा, ण भिक्खुणो मग्गमणुव्वयामो ॥**

કાદવમાં ફસાયેલો હાથી... એને કિનારો દેખાય તો છે, પણ એ કિનારે પહોંચી શકતો નથી. બરાબર એ જ રીતે અમે (બ્રહ્મદત્ત રાજા) વિષયોમાં એટલી હદે આસક્ત છીએ, કે ધર્મને સમજીએ છીએ તો ય ચારિત્રીના માર્ગે ચાલી શકતા નથી.

સ્કુલ કેમ્પસમાં એક ચોર આવે છે, એક છોકરાં સાથે બહુ જ મીઠી મીઠી વાત કરે છે. છોકરો સમજે છે કે આ મારા કોઈ હિતેચ્છુ છે. એ ચોર એની સાથે ગેલ કરે છે, એને વ્હાલ કરે છે. ધીમે ધીમે છોકરો એનો થતો જાય છે. એ ચોર એક સરસ ચોકલેટ એના હાથમાં મુકે છે. છોકરો ચોકલેટ ખાવામાં મશગૂલ થઈ જાય છે. ને ચોર એનો સોનાનો ચેઈન કાઢીને રવાના થઈ જાય છે.

**ચોર એટલે સંસાર, ચોર એટલે વિષયો, ચોર એટલે મોહરાજા, જે આત્માને ભોળવીને એના પુણ્ય અને શુદ્ધિનું ધન લૂંટી જાય છે. જ્યારે જ્યારે આત્મા ભવસાગરમાં ઉપર આવ્યો છે, ત્યારે આ ચોરે એના તરવાની શક્યતાને લૂંટીને એને પાછો ડુબાડી દીધો છે.**

છોકરાને ચોકલેટની કિંમત છે. છોકરા માટે ચોકલેટ સર્વસ્વ છે. ચોકલેટ આપે એ એના માટે ભગવાન છે. ચોકલેટ આપે એ ખરાબ કઈ રીતે હોઈ શકે, આ છોકરાનો પ્રશ્ન છે. એ રીતે મૂઢ જીવને વિષયોની કિંમત છે. વિષયો એના માટે સર્વસ્વ છે. વિષયો આપે એ એના માટે ભગવાન છે. વિષયો આપે એ ખરાબ શી રીતે હોઈ શકે – એ એનો પ્રશ્ન છે.

એ છોકરાના પપ્પાએ એને માર્યો, એની મમ્મીએ એને પીટ્યો, એના ભાઈએ એને ઠપકો આપ્યો, એના મિત્રોએ એની મશ્કરી કરી, એની બિલ્ડીંગના લોકોએ એને મૂરખો કહ્યો, એના શિક્ષકોએ એને ડફોળ કહ્યો, ઘણા મહિનાઓ પછી એને માંડ માંડ બીજો સોનાનો ચેઈન મળ્યો, સ્કુલમાં રિસેસ છે, એ કમ્પાઉન્ડમાં બેઠો છે. પેલો ચોર બહુ જ પ્રેમાળ સ્મિત સાથે આવે છે ને એની સાથે મીઠી મીઠી વાત શરૂ કરે છે.

What's your opinion ? શું કરશે એ છોકરો ?... અથવા શું કરવું જોઈએ એણે ? ધારો કે એ પૂર્વવત્ એ ચોરની વાતોમાં આવી જાય છે, ને ચોકલેટમાં લોભાઈને ચેઈન ગુમાવી દે છે, તો આપણે એને શું કહીશું ? એક ફિલોસોફરે કહ્યું છે –

**Cheat me once, shame on you.**
**Cheat me twice, shame on me.**

**તમે મને એક વાર છેતરો, તો તમને શરમ આવવી જોઈએ.**
**તમે મને બીજા વાર છેતરો, તો મને શરમ આવવી જોઈએ.**

એ છોકરા પર કદાચ આપણાને હસવું આવશે, કદાચ ગુસ્સો આવશે, એક વાર ચેઈન ગુમાવ્યો એ કદાચ અજાણપણું હતું, બીજા વાર ગુમાવ્યો એ તો મૂર્ખામી હતી. સાવ અક્કલનો ઓથમીર... હવે તો એણે એકદમ સાવધ રહેવું જોઈતું હતું. હવે તો એણે એકદમ જાગૃતિ રાખવાની જરૂર હતી. હવે તો એણે એ ચોરને જોતાની સાથે ભાગી છૂટવાની જરૂર હતી. એની બુદ્ધિમત્તાનો અર્થ એના ભાગી છૂટવાનો જ હોઈ શકે. એની બુદ્ધિમત્તાનો અર્થ એના ચેઈનને બચાવી રાખવાનો જ હોઈ શકે, ને જો એ એવું ન

કરી શકે, તો એની બધી જ બુદ્ધિ એનું બધું જ જ્ઞાન વ્યર્થ છે. યાદ આવે ઈન્દ્રિયપરાજયશતક -

**सुच्चिय सूरो सो चेव पंडिओ तं पसंसिमो णिच्चं ।**
**इंदियचोरेहिं सया ण लूंटियं जस्स चरणधणं ॥**

તે જ શૂરવીર છે, તે જ પંડિત છે, અમે તેની જ હંમેશા પ્રશંસા કરીએ છીએ, ઈન્દ્રિય-ચોરોએ જેનું ચારિત્ર-ધન લૂંટી લીધું નથી.

પચાસ પૈસાની ચોકલેટ પંદર હજારની ચેઈનની બદલામાં મળતી હોય, તો એ સારી કહી શકાય ? એના સ્વાદને સારો માની શકાય ?

છોકરો બીજી વાર લૂંટાયો છે, આપણે અનંતવાર લૂંટાયા છીએ.

**विसमिव मुहम्मि महुरा, परिणामणिकामदारुणा विसया ।**
**कालमणंतं भुत्ता, अज्ज वि मुत्तं ण किं जुत्ता ? ॥ इन्द्रियपराजय ॥**

ઝેરની જેમ શરૂઆતમાં મીઠાં ને પરિણામે મહાભયાનક... આ છે વિષયો... અનંત કાળ ભોગવ્યા... ને અનંત કાળ તું દુઃખી થયો, શું હજી એને છોડવા ઉચિત નથી ?

ચોકલેટ કરતાં ચેઈન કઈ રીતે વધુ મૂલ્યવાન હોઈ શકે એ છોકરાને સમજાતું નથી. સ્ત્રી કરતાં ચારિત્ર કઈ રીતે વધુ મૂલ્યવાન હોઈ શકે, એ મોહાધીન જીવને સમજાતું નથી. હકીકતમાં ચોકલેટ મફતમાં પણ લેવા જેવી નથી. ચોકલેટ એ જ ચોરી છે. ખરો ચોર ચોકલેટ જ છે. ચોકલેટ પસંદ કરવા જેવી નથી, ચાખવા જેવી નથી, પણ ધિક્કારવા જેવી છે, ચેઈન બધાં જ પ્રયાસથી બચાવી રાખવા જેવી છે. પણ બાળકને ચોકલેટમાં જ ચેઈન દેખાય છે. યાદ આવે ઉત્તરાધ્યયનસૂત્ર -

**बालस्स पस्स बालत्तं अहम्मं पडिवज्जिया ।**
**चिच्चा धम्मं अहम्मिट्ठे णरए उववज्जइ ॥**

બાલની બાલિશતાને તો જો, અધર્મ સ્વીકાર્યો, ધર્મ છોડ્યો, અધર્મમાં સ્થિર થઈ ગયો, ને નરકમાં ઉત્પન્ન થયો.

વિષયોથી નરક. આ વાત આપણા માટે ત્યાં સુધી સાચી પડતી રહેશે, જ્યાં સુધી આપણને વિષયોમાં નરક નહીં દેખાય. સુધર્માસ્વામી તો આચારાંગજીમાં સ્પષ્ટ કહે છે -

**जे गुणे से आवट्टे**

વિષયો એ જ સંસાર છે. ચતુર્ગતિ... ચોર્યાશી લાખ યોનિ... નરક.. નિગોદ... આ બધું હકીકતમાં વિષયો સિવાય બીજું કશું જ નથી.

ચોકલેટ ભાવે છે, તો એ વધારે ખતરનાક છે, ચોર વ્હાલ કરે છે, તો એ વધારે ખતરનાક છે. એની મીઠાશ જ કડવાશ છે. વિષયો જેટલા વધુ વ્હાલા લાગે છે, એટલું એમનાથી વધુ ગભરાવવાની જરૂર છે, કારણ કે તેઓ આપણો એટલો વધુ કચ્ચરઘાણ કાઢવાના છે.

**સ્ત્રી વગેરેમાં આસક્ત માણસ જિનશાસનની સેવા કરવામાં ફેઈલ જવાનો છે. એ જિનશાસનની સેવા કરવા જશે, તો ય કદાચ સેવાને બદલે નુકશાન કરી બેસશે. એ જિનશાસનને લજ્જિત કરશે. સાચા શાસનભક્ત થવું હોય તો અનાસક્ત થઈ જાઓ.**

**(૫) અવિવેક** - **विच्** ધાતુનો અર્થ છે સારા-નરસા, હિત-અહિત વગેરેનો ભેદ કરવો, એના પરથી વિવેક શબ્દ આવ્યો છે. શું કરવા જેવું છે, ને શું નથી કરવા જેવું, આનો વિવેક હોય તો શાસનની સેવા થઈ શકે, એ ન હોય તો સેવાના નામે પણ શાસનને નુકશાન થઈ શકે.

**વરઘોડાથી લોકો ગાળો જ આપતા હોય તો શું કરવાનું ? ઘોંઘાટથી લોકો શાસનનો તિરસ્કાર જ કરતા હોય તો શું કરવાનું ? છ'રી પાલિતસંઘ કે નવ્વાણુના આયોજનોથી સંઘનું જ્ઞાનસ્તર ઊંચું જ ન આવતું હોય તો શું કરવાનું ? કોન્વેન્ટ સ્કુલથી સંસ્કારોનું ધોવાણ જ થતું હોય તો શું કરવાનું ? ધ્યાન અને અધ્યાત્મની ભૂખને સંતોષવા સંઘ જ્યાં ત્યાં ફંટાતો હોય, તો શું કરવાનું ?**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિવેક હોય, તો જિનશાસનની સેવા કરી શકાય, જ્ઞાનીઓ કહે છે -

**काले दिन्नस्स पहेणगस्स अग्घो ण तीरए काउं ।**
**तस्सेवऽकालपणामियस्स गेण्हंतया णत्थि ॥**

યોગ્ય સમયે આપેલા ભેટણાનું મૂલ્ય કરવું શક્ય નથી, અને તે જ વસ્તુ કવેળાએ આપો, તો એનું કોઈ લેનાર પણ નથી.

**જિનશાસનમાં એક રૂપિયાનું પણ ડોનેશન આપતા પહેલા આપણે પૂછ્યું ખરું ? કે જિનશાસનને શેમાં વધુ જરૂર છે ? ડોનેશનનો બેઝ આપણી ચોઈસ ? કે જિનશાસનની નીડ ? નીડ જોયા વગર ફક્ત ચોઈસથી આપેલા ડોનેશનની વેલ્યુ કેટલી ?**

દેવદ્રવ્યમાં આપેલું ડોનેશન એ દરિયાને લોટાનું ભેટણું છે. પાઠશાળામાં આપેલું ડોનેશન એ પાણી માટે તરફડતા પંખીને લોટો પાણી આપીને દીધેલું જીવતદાન છે. દેરાસર બનાવવાની કે ભગવાન ભરાવવાની આપણને હોંશ છે, પણ નવી પેઢીના સંસ્કરણની જો ઉપેક્ષા કરી, તો આવતી કાલે કદાચ આ જ દેરાસરમાં નમાજ પઢાતી હશે, આ જ દેરાસરમાં ઈશુ ખ્રિસ્ત મૂળનાયક હશે, આ જ દેરાસર સર્વધર્મ મંદિર બન્યું હશે, આ જ દેરાસરમાં ભિક્ષુક ભોજન થતું હશે, ને આ જ દેરાસરની આવક સરકાર પાસે જમા થતી હશે.

**વિવેક. આજનું ઔચિત્ય ભગવાન ભરાવવાનું નથી, પણ ભગવાનના દેરાસરમાં પૂજા કરતો છોકરો ભરાવવાનું છે. એક પૂજકનો ઉમેરો એ તાત્ત્વિક દૃષ્ટિએ એક દેરાસરનું નિર્માણ છે. એક બાળકનું સંસ્કરણ એ તાત્ત્વિક દૃષ્ટિએ ભગવાન ભરાવવાનું પુણ્ય છે. એક પાઠશાળાનું સંચાલન એ હકીકતમાં મહાતીર્થ નિર્માણનું સુકૃત છે.**

અઢાર વર્ષની આપણી દીકરી બીભત્સ ડ્રેસમાં ફરતી હોય, એના મૂળમાં આપણો અવિવેક છે. ટીનેજર્સનું દર્શન ઉપાશ્રયમાં દુર્લભ હોય, એના મૂળમાં આપણો અવિવેક છે. હોટલ-લારીવાળા જૈનોથી જીવતા હોય, એના મૂળમાં આપણો અવિવેક છે.

**મને કહેવા દો કે એક જૈન છોકરી મુસ્લિમ સાથે ભાગી જાય, ત્યારે આપણે ગુરુદેવ પાસે પ્રાયશ્ચિત લેવા દોડી જવું જોઈએ. ગુરુદેવ ! ધર્મના નામે**

**ઘણા કામો કર્યા, ઘણા દાનો દીધાં, પણ આપણા સંઘના સભ્યને સાચવવાની મારી જવાબદારી મેં નિભાવી નહીં, ઓ ગુરુદેવ ! એ દીકરીના અંતરમાં જિનશાસનની જે હત્યા થઈ ને, એમાં મારો પણ હાથ છે. મારી ઉપેક્ષાનું, મારી સ્વચ્છંદવૃત્તિનું આ પરિણામ છે. મને પ્રાયશ્ચિત્ત આપો.**

અવિવેક. મારા ઘરે તો એજ્યુકેટેડ છોકરી/વહુ જોઈએ. આ એક અવિવેકે લાખો દીકરીઓને કોલેજના પગથિયાં ચડાવ્યા. આ એક અવિવેકે કેરેક્ટરને ફાંસીના માંચડે ચડાવ્યું. આ એક અવિવેકે સદાચારના, લાજ-શરમના ને ધર્મના ફુરચા ઉડાવી દીધા. હું તમને કહું છું કે તમારાથી દીક્ષા લેવાય એમ ન જ હોય, તો ડિગ્રીધારીની બદલે આઠમી કે દશમી પાસની ડિમાન્ડ કરો. આખા સમાજને એક મેસેજ આપો કે જો તમારી પાસે ડિગ્રી છે, તો તમે માઈનસમાં છો. **આપણો એક વિવેક કોલેજોને તાળા લગાડી શકે છે. આપણો એક વિવેક કોન્વેન્ટ કલ્ચરને રોવડાવી શકે છે, આપણો એક વિવેક જિનશાસનના દુશ્મનોને હાથ ઘસતા કરી શકે છે, આપણો એક અવિવેક જિનશાસનના દુશ્મનોને હૃષ્ટ-પુષ્ટ કરી શકે છે.**

પારિષ્ઠાપનિકા, કોન્વેન્ટ કલ્ચર, મીડિયા, ન્યુ જનરેશન, વિનય-વિવેકનું સ્તર - આ બધાં જિનશાસનના બર્નિંગ પ્રોબ્લેમ્સ છે. બર્નિંગ પ્રોબ્લેમ્સની ધરાર ઉપેક્ષા કરીને મન માન્યો ધર્મ કરવો એ ય જિનશાસનને ખતમ કરવાનો ધંધો છે, તો પછી આ ઉપેક્ષા સાથે સંસારમાં ખૂંચી જાય, એના માટે તો શું કહેવું ?

યાદ આવે કલિકાલસર્વજ્ઞ -

**धिक् सुकृतानि जगतः, यैः स्वामिप्रभवैरपि ।**
**कृतघ्नैर्विघ्ननिघ्नाऽत्मा, स्वामी त्रातो न दुर्विधेः ॥**

ઉપસર્ગોની ઝડીઓ પ્રભુ પર વરસતી હતી, ત્યારે દુનિયામાં જે સુકૃતો થઈ રહ્યા હતા, તેમને ધિક્કાર થાઓ. એ સુકૃતોનું મૂળ તો પ્રભુ જ હતા, પણ એ સુકૃતોએ એ કપરી ભવિતવ્યતાને ભોગવતા પ્રભુને બચાવ્યા નહીં, કેવી એમની કૃતઘ્નતા !

**જિનશાસનને કોઈ મારશે તો એ જિનશાસનના સભ્યનો અવિવેક જ હશે. જિનશાસનને કોઈ જીવાડશે, તો એ જિનશાસનના સભ્યોનો વિવેક જ હશે.**

# ∗ વિવેક – જિનશાસન ∗

જિનશાસનની વિવેક સૃષ્ટિને આંબવા માટે આપણામાં ચાર સૃષ્ટિ હોવી જરૂરી છે.

**(૧) વલણસૃષ્ટિ** - વલણ એટલે અભિગમ... એપ્રોચ. અંતરની સંકુચિતતા... ટૂંકું હૃદય... હું એ જ પરિવાર... હું એ જ સંઘ... હું એ જ દુનિયા... આવું વલણ ઘણા અવિવેકને જન્મ આપે છે. જરાક ચાન્સ મળે ને બીજાને ટોન્ટ મારવો, મર્મઘાત કરવો આ વસ્તુ શ્રાવકને શોભે ખરી ? છોકરો મા સાથે બજારમાં ગયો. વળતા કહ્યું, 'મા, તારું ધ્યાન ન હતું, ત્યારે દુકાનદારે વજનમાં ગરબડ કરી હતી.' માએ કહ્યું, 'તે મને ત્યારે કેમ ન કહ્યું ?' છોકરાએ કહ્યું, 'ત્યારે કહેત તો એ દુકાનદાર શરમાઈ જાત ને ?' બીજાના દોષોને ભાંડતા નહીં ઢાંકતા શીખો. એક કવિએ કહ્યું છે - **ભગવાન જુએ છે અને છુપાડે છે,**
**માણસ જોતો નથી અને બરાડે છે.**

Charity begins from home. પહેલી જીવદયા ઘરથી ચાલુ કરું. પારકા ઘરેથી આવેલી કોઈની દીકરી પ્રત્યે આપણું વલણ કેવું ? મા-બાપ પ્રત્યે આપણું વલણ કેવું ? સંઘના નાનામાં નાના માણસ પ્રત્યે આપણું વલણ કેવું ? પૂજારી કે પૂજક માટે અંતરમાં કડવાશ હશે, તો પ્રભુ પ્રત્યે જોઈએ એવા ભક્તિના ભાવ આવવાના જ નથી.

**(૨) વિચારસૃષ્ટિ** - વલણમાંથી વિચાર જન્મે છે. પ્રવચન સાંભળીને સીધા જતા રહેવાનો વિચાર પણ આવી શકે છે, ને પ્રવચન સાંભળીને જાજમ વાળીને જવાનો વિચાર પણ આવી શકે છે. વિવેકી વિચાર કયો છે ? દેરાસરમાં પાટલો વગેરે વાપરીને જ્યાં ત્યાં મુકીને જતા રહેવાનો વિચાર પણ આવી શકે છે, ને કોઈએ જ્યાં ત્યાં વસ્તુઓ મુકી દીધી હોય, એ વ્યવસ્થિત મુકવાનો વિચાર પણ આવી શકે છે. વિવેકી વિચાર કયો છે ? **આયંબિલ કરવા/પ્રતિક્રમણ કરવા જતાં સારામાં સારી જગ્યા ઝડપી લેવાનો વિચાર પણ આવી શકે છે, ને ભલે બીજા સારી જગ્યા પર બેસે એવી**

ઉદારતા રાખવાનો વિચાર પણ આવી શકે છે. વિવેકી વિચાર કયો ? સદ્ગુરુ પાસે બે વ્યક્તિ આવે છે. સદ્ગુરુને વિનંતિ કરે છે - 'અમારે આપના શિષ્ય થવું છે.' ત્યાં સામે એક આંબાનું વૃક્ષ છે. છોકરાંઓ પથ્થર મારી મારીને કેરીઓ પાડી રહ્યા છે. સદ્ગુરુ કહે છે - 'જુઓ.' બંને વ્યક્તિ જુએ છે. સદ્ગુરુ કહે છે - 'તમને આ જોઈને શું વિચાર આવ્યો ?' એકે કહ્યું, 'માલ જોઈતો હોય, તો માર માર્યા વગર છૂટકો નથી.' બીજાએ કહ્યું, 'માર ખાઈને પણ વૃક્ષ માલ જ આપે છે.' વિચારસૃષ્ટિ. સદ્ગુરુએ શિષ્ય તરીકે કોને સ્થાન આપ્યું એ કહેવાની જરૂર નથી.

(૩) **વચનસૃષ્ટિ** - જેવા વિચાર હશે, તેવા વચન નીકળશે. કોઈ ચોરને મારતું હશે, તો એક જણ કહેશે - 'મારો સાલાને.' વગર લેવા-દેવાએ ફોગટ હિંસાના પાપમાં સંડોવાઈ જવાની આ કેવી મૂર્ખામી ! બીજો કહેશે, 'ભાઈ, રહેવા દો ને હવે. બિચારો મરી જશે.' વિવેક. શું બોલવું, કેટલું બોલવું, કેવી રીતે બોલવું - આનો વિવેક ન હોય, ત્યાં સુધી બોલવામાં પૂરેપૂરું જોખમ છે. અધ્યાત્મકલ્પદ્રુમમાં પૂ.મુનિસુંદરસૂરિ મહારાજ કહે છે -

**यस्यास्ति किञ्चिन्न तपोयमादि ब्रूयात् स यत् तत्तुदतां परान् वा ।**
**यस्यास्ति कष्टाप्तमिदं तु किन्न, तद्-भ्रंशभीः संवृणुते स योगान् ॥**

તપ, સંયમ, નિયમ વગેરે જેની પાસે નથી એ ભલે ગમે તેમ બોલે, પણ જેણે કષ્ટપૂર્વક તપ વગેરે પ્રાપ્ત કર્યું છે, શું એને ડર ન હોય, કે ગમે તેમ બોલવાથી મારું આ બધું બળી જશે ? શું એ પોતાના મન-વચન-કાયાને કન્ટ્રોલમાં ન રાખી શકે ?

'વાંઝિયણ' આ એક મ્હેણાએ જેઠાણીને આપઘાત કરાવ્યો. 'તે દિવસે તમે પતિને કૂવામાં ધક્કો મારેલ' - આ એક મર્મવચને આખા પરિવારને આપઘાત કરાવ્યો. પરમ પાવન શ્રીદશવૈકાલિક આગમ કહે છે -

**बहुं सुणेइ कण्णेहिं, बहुं अच्छीहिं पिच्छइ ।**
**ण य दिट्ठं सुयं सव्वं, साहू अक्खाउमरिहइ ॥**

કાનથી ઘણું સાંભળે ને આંખથી ઘણું જુએ, પણ તે જોયેલું-સાંભળેલું બધું બોલવું એ સાધુ માટે ઉચિત નથી.

**સંઘના કોઈ પણ પ્રસંગે આપણે ભેગા થયા હોઈએ ને આપણને ચૂપ રહેવા - શાંત રહેવા કહેવું પડે તો આપણને શરમ ન આવવી જોઈએ ? ને એ કહ્યા પછી ય આપણને કોઈ ફરક ન પડતો હોય તો ? ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરવા જેવી આપણી સ્થિતિ નથી ? આપણો આ ઘોંઘાટ ને ધાંધલ ધમાલ જોઈને કોઈ શાંતિપ્રિય માણસ અહીંથી રવાના થઈ જાય ને નવા કહેવાતા ધર્મોમાં જોડાઈ જાય કે પાપોમાં જોડાઈ જાય, એ પાપ કોના માથે ? પ્લીઝ, મૌન. ધીમે-સાવ ધીમે-જરૂર પૂરતું જ બોલતા શીખો. તમે જેની સાથે વાત કરી રહ્યા છો એ જ સાંભળે એ રીતે બોલતા શીખો. પ્રવચન વગેરેમાં pin drop silence રાખતાં શીખો.**

વિવેક. સંતાનોની સાથે તમે કેવી ભાષામાં વાત કરો છો. એમને ધર્મપ્રેરણા કઈ રીતે કરો છો ? ઠપકા રૂપે ? આક્રોશ રૂપે ? ફરિયાદ રૂપે ? we don't know, જેવા આપણે છીએ, એવું તેઓ ધર્મનું સ્વરૂપ સમજે છે. કારણ કે એ આપણને ધર્મી માને છે. એ કહેશે કે જો ધર્મ આટલો કર્કશ, વિચિત્ર, કટ-કટ કરનાર હોય, તો મારે એ ન જોઈએ. **જો આપણી પાસે વિવેક નથી, તો આપણી ધર્મની પ્રેરણા જ ધર્મનું વિઘ્ન બની શકે છે. ધર્મી આત્માને માથે કેટલી જવાબદારી છે, એનો આપણને ખ્યાલ જ નથી.**

વ્યવસાયિક કંપનીઓના પ્રતિનિધિના માથે બહુ મોટી જવાબદારી હોય છે. એના બે-ચાર યોગ્ય વાક્યો કંપનીને ન્યાલ કરી શકે છે, ને એના બે-ચાર અયોગ્ય વાક્યો કંપનીને કંગાળ કરી શકે છે. એના પ્રતિનિધિ બનવાનું ખાસ પ્રશિક્ષણ હોય છે. એ પ્રશિક્ષણ જેણે નથી લીધું એને પ્રતિનિધિ બનાવવામાં ભારોભાર જોખમ હોય છે. ને કોઈ એ પ્રશિક્ષણ લીધા વિના એમ ને એમ કંપનીનો પ્રચાર કરવા જાય તો એ કંપનીના ગુનેગાર કહેવાય છે. એનો ભાવ સારો હોવા છતાં એ કંપનીને નુકશાન કરી દે છે.

વિચિત્ર ડ્રેસ પહેરીને આવતી દીકરીઓને ધધડાવી દેવી ને એમની ધરાર ઉપેક્ષા કરવી - આ બંને વસ્તુ ખોટી છે. ધર્મમાં બિલકુલ રસ નહીં લેતા સંતાનોને ખખડાવવા ને એમની તદ્દન ઉપેક્ષા કરવી - આ બંને વસ્તુ ખોટી

છે. ઉપદેશમાલામાં પૂ.ધર્મદાસગણિ મહારાજા કહે છે -

**धम्ममएहिं अइसुंदरेहिं कारणगुणोववेएहिं ।**
**पल्हायंतो व्व मणं सीसं चोएइ आयरिओ ॥**

ધર્મમય, અતિસુંદર, કારણ-ગુણથી યુક્ત એવા વચનો દ્વારા ગુરુ શિષ્યને એવી રીતે પ્રેરણા કરે જાણે એના મનને આનંદથી તરબતર કરી દેતા હોય.

**વલણ અને વિચાર પોતાની જાત સુધી સીમિત હોય છે. વચન અનેકોને અસર કરતું હોય છે. ધર્મીના શબ્દો એવા જ હોય, જે બીજાની ધર્મશ્રદ્ધાની વૃદ્ધિ કરે, જેના શબ્દો બીજાની ધર્મશ્રદ્ધાને ભાંગી દેતા હોય એ ધર્મી નથી પણ પાપી છે.**

એક યુવાન કે યુવતી પહેલ વહેલી વાર વ્યાખ્યાનમાં/આંબેલ કરવા/ સંઘના કોઈ પ્રોગ્રામ્સમાં આવે ત્યારે વડીલોએ એમને કઈ રીતે રિસિવ કરવા જોઈએ ? એમની ભૂલો કાઢવી, એમનો ઉત્સાહ ભાંગવો, એમને હતાશ કરવા, એમને તોડી પાડવા - આવો રોલ હોવો જોઈએ કે એને શાબાશી આપવી, એમને પ્રોત્સાહન આપવું, એમને આગળ વધારવા - આવો રોલ હોવો જોઈએ ?

જુનિયર્સ પોતાની જગ્યાએ આવતા લાગે ત્યારે સિનિયર્સ દુઃખી થાય, વિરોધ કરે, ભૂલો કાઢે - એ વિવેક કે રાજી થઈને અનુમોદના કરે - એ વિવેક ? શું જુનિયર્સ કોઈ શાસન પ્રવૃત્તિ કરે, તો એ સિનિયર્સનો માનભંગ છે ? શું એમની ભૂલ છે ? ઠપકો આપવો/મૌન રહેવું/મોઢું બગાડવું - આનો અર્થ એ છે કે તમે અહીં આવો છો, એ જ મને પસંદ નથી, તમે હોટલ, થિયેટર, ડાન્સબારમાં ભટકો, તમારા માટે એ જ ઉચિત સ્થાન છે. Who are we ? પ્રભુ મહાવીરના અનુયાયી કે એમના કટ્ટર વિરોધી ? **Let me say, આપણે મહાવીરના અનુયાયીનું લેબલ ભલે રાખ્યું હોય, એકચ્યુલી આપણે આપણા અહમ્‌ના અનુયાયી છીએ, એ જ આપણો ભગવાન છે, એના જ આપણે કટ્ટર ભક્ત છીએ, આપણા અહમ્‌ની આડે જે આવે એને આપણે ફગાવી દેવા તૈયાર છીએ, પછી એ ખુદ મહાવીર જ**

**કેમ ન હોય ?** Please be wise. વચનવિવેક. અહીં દેરાસર-ઉપાશ્રયમાં જે આવે એને હેતવચનોથી નવડાવી દો. ધર્મમાં પા પા પગલી ભરતા-લથડતા પડતા જીવની પીઠ થાબડો. અંતરથી એને કહો - દોસ્ત ! તું ધર્મમાં આવ્યો ? ખરેખર તને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

**(૪) વર્તનસૃષ્ટિ** - વિવેકી વર્તન એ ધર્મની પ્રભાવક દેશના તુલ્ય છે. અવિવેકી વર્તન એ ધર્મની ઘોર ખોદનારું પાપ છે. હોટલની અંદર અટ્ઠાઈનું પારણું ગોઠવવું એ પુણ્યનો ગર્ભપાત છે. **પ્રભાવના માટે પડાપડી કરવી એ આપણા અવિવેકની છરી દ્વારા જિનશાસનનું નાક કાપવાની ચેષ્ટા છે. પ્રવચનમાં કે ધર્મપ્રસંગમાં આવતા જેમ તેમ વાહનો પાર્ક કરીને આવવા એ ધર્મને ગાળો આપવા માટે બીજાને ઉશ્કેરવાની ચેષ્ટા છે.** ચાર જણ પૂજનમાં બેઠાં હોય ને ચાર હજારને સંભળાય એવો ઘોંઘાટ કરવો એ સો દેરાસરના ખાતમુહૂર્તમાં અંતરાય કરવાની ચેષ્ટા છે.

* * * * *

**(૧) પરિત્યાગવિશ્વ** - પૂ.હરિભદ્રસૂરિ મહારાજા કહે છે - દીક્ષા બે રીતે સફળ થાય છે. (૧) સંસારત્યાગ, (૨) અવિવેકત્યાગ. **धन्नाणमुभयचाओ ॥ पंचवस्तुक ॥** તે ધન્ય જીવો હોય છે, જેઓ બંને ત્યાગ કરે છે. સંસારત્યાગ - જેમાં સાધન-સંપત્તિ-પરિવાર-ઘર વગેરેનો ત્યાગ છે. તે તે પદાર્થોના ત્યાગની પ્રક્રિયાની સાથે સાથે તે તે પદાર્થોના રાગ પણ છૂટતો જાય છે. યાદ આવે ઉપનિષદો -

**यस्य स्त्री तस्य भोगेहा, निःस्त्रीकस्य का भोगभूः ?।**
**स्त्रियं त्यक्त्वा जगत् त्यक्तं, जगत् त्यक्त्वा सुखी भवेत् ॥**

જેની પાસે સ્ત્રી છે એને ભોગની ઈચ્છા છે, જેની પાસે સ્ત્રી નથી, એને ભોગની શું આશા હોય, સ્ત્રીને છોડી એટલે જગતને છોડ્યું, ને જગતને છોડ્યું એટલે સુખી થયો.

**ત્યાગ. આપણને જે કષ્ટ લાગે છે હકીકતમાં એના સિવાય સુખનો કોઈ માર્ગ જ નથી. લેટ્રિનનો કોલ આવ્યા પછી લેટ કરવામાં કે ન જવામાં જેટલો લોસ છે, એનાથી વધુ લોસ આપણે પકડેલ બાહ્ય પદાર્થોને ન છોડવામાં છે.** જે તમે નથી, તે કચરો છે. પાણીમાં કચરો શું હોય છે ? સોનામાં કચરો શું હોય છે ? સ્વ-અન્ય તે કચરો છે, જે પોતે નથી, તે કચરો છે, પાણીમાં પાણી સિવાયનું બધું કચરો છે, આપણામાં આપણા સિવાયનું બધું કચરો છે. ફ્લેટ આપણે નથી તો એ કચરો છે, પૈસા આપણે નથી તો એ કચરો છે, કચરાની cost આપણી જાત હોય છે. પાણીમાં ધૂળ નાંખવાથી પાણીને ગુમાવવામાં આવે છે. **પરદ્રવ્યના સંયોગથી આત્માને ગુમાવવામાં આવે છે. ભોગનો અર્થ જો સુખ હોય, તો ભોગનો અર્થ ત્યાગ જ હોઈ શકે. વૈશ્વિક પદાર્થોના ત્યાગથી જ સુખ મળે એવું છે.** યાદ આવે ઉપનિષદો -

**तेन त्यक्तेन भुञ्जीथाः**

તું તેને ત્યાગથી ભોગવ.

બાહ્ય પરિગ્રહ સંસાર છે, ભીતરનો પરિગ્રહ અવિવેક છે. જેની અંદર અહમ્, ઈર્ષ્યા, અજ્ઞાન વગેરેનો સમાવેશ થાય છે. એનો પણ ત્યાગ કર. ગંદકીમાં હાથ નાંખીને રમતો બે મહિનાનો બાળક અને રોજનો કરોડોનો ધંધો કરતો ઉદ્યોગપતિ આ બંને હકીકતમાં સરખા છે.

**(૨) પરિતિતિક્ષા વિશ્વ** - તિતિક્ષાનો અર્થ છે સહનશીલતા. સહનશીલતા એ કક્ષાને આંબે કે જ્યાં સહનશીલતાની સભાનતા સુદ્ધા ન રહે એ પરિતિતિક્ષા વિશ્વ છે. **साहू सहंति सव्वं नीयाण वि पेसपेसाणं ॥ उपदेशमाला ॥** સાધુ બધું સહન કરે, બધાનું સહન કરે. કષ્ટો આવવાં જ ન જોઈએ, આ બેઝ પર સંસાર મંડાતો હોય છે. કષ્ટ તો આવવાનું, ને એટલે સંસારીઓ દુઃખી થઈ જવાના. કષ્ટો જ જોઈએ, આ બેઝ પર સંયમ લેવાનું હોય છે. જેમાં કષ્ટ કષ્ટરૂપ જ નથી લાગતું. પરિતિતિક્ષા એ જ રક્ષાકવચ છે. પરિતિતિક્ષા એ જ સુખશય્યા છે.

**(૩) પરિતોષ વિશ્વ** - આનંદનું એકછત્રી સામ્રાજ્ય. શ્રામણ્ય એટલે ભીતરમાંથી સહજ ફૂટી નીકળતા સુખના ઝરણાં. જ્યાં દરેક નિમિત્ત આનંદનું જ નિમિત્ત બને છે એનું નામ શ્રામણ્ય. આગમવચન છે -

**लूहवित्ती सुसंतुट्ठे अप्पिच्छे सुहरे सिया ।**

ઋક્ષ ભોજન પર જ નિર્વાહ.. પરમ સંતોષી વૃત્તિ, સાવ જ અલ્પ ઈચ્છા... નહીંવત્ ઈચ્છા... શૂન્ય ઈચ્છા... જેટલું મળે એ ઘણું હોય... જેવું મળે એ સારું હોય. પરિતોષ સિવાય બીજું કાંઈ પણ થવાની શક્યતા જ ન હોય, આનું નામ સાધુપણું.

આ ત્રણ વિશ્વનું સ્વામિત્વ શ્રમણને સ્વાધીન હોય છે. નરક, નિગોદના રાજા થઈ શકાતું હોત, તો ય એમાં ગૌરવ નથી, નામોશી જ છે. ખરું રાજ્ય આ છે પરિત્યાગ-પરિતિતિક્ષા-પરિતોષ. ખરું રાજાપણું પણ આ છે - શ્રામણ્ય.

* * * * *

# * વરસીદાનની ભીતરમાં *

**चिच्चा हिरण्णं चिच्चा सुवण्णं चिच्चा धण्णं चिच्चा रट्ठं चिच्चा रज्जं...** વરસીદાનનું આ ત્યાગચિત્ર આગમમાં આલેખેલું છે. પ્રભુના હાથનું દ્રવ્ય યાચકના હાથમાં સ્થલાંતરિત થઈ જાય આટલું જ વરસીદાનનું સ્વરૂપ નથી. વરસીદાન એ હકીકતમાં એક મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. એ એક સહેતુક સપરિણામ સાધના છે. મોક્ષમાર્ગના ગહન રહસ્યો એની ભીતરમાં સમાયેલા છે. ચાર આયામ દ્વારા આ સાધનાને સમજવાનો પ્રયાસ કરીએ.

**(૧) ઊંડાઈ** – આગમમાં આ સાધનાનો પાયો **दुगुंछणिज्जं त्ति कट्टु** આ શબ્દો દ્વારા આલેખાયો છે. સંપત્તિનો સમાનાર્થી શબ્દ ગંદકી છે – આવી સમજણ વરસીદાનનું ઊંડાણ છે. **रेणुयं व पडे लग्गं णिद्धुणित्ताण णिग्गओ** – વસ્ત્ર પર લાગેલી ધૂળની જેમ ખંખેરીને નીકળી ગયા – આ ઉત્તરાધ્યયનસૂત્રના વચનનું તાત્પર્ય આ જ છે. ત્યાગની શોભા ત્યાગની મહત્તામાં જ છે. રૂપિયાની નોટોનું પ્રદર્શન કરીને, જુઓ હું કેવો ત્યાગ કરું છું – એવું બતાડીને કરાતો ત્યાગ એ તાત્ત્વિક દૃષ્ટિએ ભોગની મહત્તાને પ્રતિષ્ઠિત કરવાની પ્રવૃત્તિ છે. **ધૂળ ખંખેરનારને ત્યાગબુદ્ધિ થતી નથી. સાચો ત્યાગ એ છે જેમાં ત્યાગબુદ્ધિ નથી. જે લેવા જેવું જ નથી લાગતું, એ છોડવા જેવું પણ કેમ લાગશે ? પણ અણસમજથી એ પકડેલું હતું. સમજણ મળશે, ને એ છૂટી જશે.**

અંધારા ઓરડામાં મુસાફરે વિશ્રામ લીધો છે. હાથ ફેલાવતા દોરડું હાથમાં આવે છે. આમ તેમ ફરાવતા ફરાવતા ટાઈમ-પાસ કરે છે. બીજો મુસાફર આવીને નાનું ફાનસ સળગાવે છે. એક ચીસ સાથે એ મુસાફર એ દોરડું ફગાવી દે છે, કારણ કે એ દોરડું નહીં સાપ હતો. સાપ છોડવા માટે એને કોઈએ ઉપદેશ નથી આપ્યો. સમજાવટ નથી કરી. મુસાફરે ખુદ પોતાના મનને સમજાવવું નથી પડ્યું. સંકલ્પ-વિકલ્પ નથી કરવા પડ્યા. આ તો શી રીતે છોડી શકાય ? આવા કોઈ પ્રશ્નમાં એ અટવાતો નથી. સાચા ત્યાગને ફક્ત પ્રકાશની અપેક્ષા છે. પ્રકાશ છે તો બીજી કોઈ વસ્તુની

જરૂર નથી. પ્રકાશ નથી તો બીજી કોઈ વસ્તુનો અર્થ નથી.

જીવ મોહના અંધકારમાં બેઠો છે. સ્ત્રી, સંપત્તિ, ઘર, પરિવાર, ધંધો – આ બધાંને પકડીને બેઠો છે. સદ્ગુરુ એના આત્મામાં સમ્યક્જ્ઞાનનો દીવડો પ્રગટાવે છે. ને એ પ્રકાશની ક્ષણ એના ત્યાગની ક્ષણ બની જાય છે. ફાનસ સળગતાની સાથે સાપને પકડી રાખવો અશક્ય થઈ જાય છે. જ્ઞાનદીપક પ્રગટતાની સાથે સંસારને પકડી રાખવો અશક્ય થઈ જાય છે. **ત્યાગ નથી એનો અર્થ એ છે કે આપણે અંધારામાં છીએ. પ્રકાશ છે તો ૧૦૦% ત્યાગ હશે જ.**

**(૨) લંબાઈ** – પરિગ્રહના સર્વ પ્રકારોનો ત્યાગ એ વરસીદાનની લંબાઈ છે. **જે બાકી રહી જશે, એ ઝેર બની જશે. જે બાકી રહી જશે એ સર્વ પરિગ્રહનું પ્રતિનિધિ બની જશે.** રત્નાકરપંચવિંશતિકાના કર્તા પૂ.રત્નાકરસૂરિજી મ.સા.એ બીજું બધું જ છોડ્યું, પણ રત્નો ન છોડ્યા, તો રત્નો એ જ તેમનો સંસાર બની ગયો. ઉપનિષદો કહે છે –

**यत्र यत्र भवेत्तृष्णा संसारं विद्धि तत्र वै ।**

જ્યાં જ્યાં તૃષ્ણા હોય, સમજી લે કે એ જ તારો સંસાર છે.

આયંબિલમાં ચાની છૂટ હોય તો ? ઉપવાસમાં ફ્રુટ ચાલે એવું હોત તો ? દીક્ષામાં લગ્નની છૂટ હોત તો ? આવા પ્રશ્નો કરનારને ખબર નથી કે આ છૂટ જ તે તે સાધનાને સ્વાહા કરી જાય તેવી છે. A to Z ત્યાગમાં ત્યાગની સંપૂર્ણતા ય છે, ને પારમાર્થિકતા પણ છે. નહીં તો જેમ ફ્રૂટની છૂટમાં બીજી બધી વાનગીનો રોલ ફ્રૂટ જ બજાવી દે ને ઉપવાસનો કોઈ અર્થ જ ન રહે, એવો ઘાટ ઘડાય.

**(૩) પહોળાઈ** – જે છોડીએ તે મન-વચન-કાયાથી છોડવું એનું નામ વરસીદાન. છોડવાનું હાર્દ આ છે કે ઉપાદેય બુદ્ધિ પણ છોડવી. મુમુક્ષુ પાસે આવતી કાલે કોઈ વ્યક્તિ કોઈ ખૂબ શ્રીમંત વ્યક્તિને લઈને આવે ને એમનો પરિચય આપે કે એ આઠસો કરોડનો આસામી છે. ને મુમુક્ષુ આ સાંભળીને પણ એવી રીતે જ જુએ જાણે કોઈ સામાન્ય વ્યક્તિને જોતા

હોય, આ વરસીદાનની પહોળાઈ છે, જેમાં એ માણસ પાસે ૮૦૦ કરોડ હોય કે એક રૂપિયો પણ ન હોય, એ બંને સ્થિતિ સરખી છે, કારણ કે રૂપિયાનો કોઈ અર્થ જ ન રહ્યો હોય. **૮૦૦ કરોડ = શૂન્ય આ વરસીદાનનું ગણિત છે.**

**(૪) ઊંચાઈ** - ત્યાગના સંદર્ભમાં ધર્મસંગ્રહણી ગ્રંથમાં પૂ.હરિભદ્રસૂરિ મહારાજાએ દિગંબરોને સુંદર ટકોર કરી છે - **मिच्छत्ते अन्नाणे अविरइभावे य अपरिचत्तम्मि । वत्थस्स परिचाओ परलोए कं गुणं कुणइ ?।।** જ્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિભાવ છોડ્યા નથી, ત્યાં સુધી વસ્ત્રત્યાગથી શું ફાયદો થશે ? સંપત્તિ વગેરેનો ત્યાગ એ બાહ્ય વરસીદાન છે. મિથ્યાત્વ વગેરેનો ત્યાગ એ ભીતરી વરસીદાન છે. જો ભીતરી દુર્ભાવોનો ત્યાગ ન થાય તો બાહ્ય ત્યાગ એક મજાકથી વધુ કાંઈ જ નહીં રહે. પૂ.ઉમાસ્વાતિ મહારાજા તત્ત્વાર્થસૂત્રમાં કહે છે - **शक्तितस्त्यागतपसी** - તમારી જેટલી શક્તિ પહોંચે એટલો ત્યાગ અને તપ કરજો. વરસીદાનની પ્રત્યેક ક્ષણ સંસાર-ત્યાગની ક્ષણ છે. એને પરખવાની દૃષ્ટિ કેળવીએ ને શક્તિ અનુસાર એની નજીક જવાનો પ્રયાસ કરીએ એમાં જ આ જીવનની સફળતા છે.

* * * * *

## * વિનયના ૩ સોપાન *

(૧) **आणाणिद्देसयरे** - ગુર્વાજ્ઞાનું યથાવત્ પાલન. ટીકાકારશ્રીએ **यरे** નું એક રૂપાંતર બતાવ્યું છે **तरः** આજ્ઞાનિર્દેશથી જે સંસારસાગરને તરી જાય, તે વિનીત. પૂ.રામચન્દ્રસૂરિજી મ. ગુર્વાજ્ઞા ખાતર અજયપાળરાજાના આગ્રહ છતાં બાલચન્દ્રમુનિને આચાર્યપદવી આપવા તૈયાર ન થયા, ને વિકલ્પરૂપે અપાયેલ લોઢાની ધગધગતી પાટ પર સૂઈને જીવન ટૂંકાવી દીધું. **મોક્ષે જવું હોય તો એક મુદ્દાનો કાર્યક્રમ બનાવો - ગુર્વાજ્ઞાપાલન.** જેના માટે આપણે એને ગૌણ કરીએ છીએ એ સ્ત્રી, ધન, અહં વગેરેને તો આપણે અનંતા ભવો આપ્યા છે. એક ભવ ગુરુને આપો. જેનાથી ભવોની પરંપરા પર પૂર્ણવિરામ આવી શકે. હમણા અમારા ગ્રુપમાં ૩ મહાત્માની પદવી થઈ. ગુરુદેવની ઈચ્છા તો હતી કે પદવીવિધિમાં નામકરણમાં ત્રણેના નામ બદલવા. 'પ્રેમ' - ઉપનામવાળા નામ રાખવા. પણ જુના નામોનું જ નામકરણ થયું. મેં ગુરુદેવને પૂછ્યું, 'કેમ નામો બદલ્યા નહીં ?' ગુરુદેવે કહ્યું, **'સાહેબને (ગચ્છાધિપતિશ્રી) પૂછવાનું રહી ગયું હતું. જો પૂછાઈ ગયું હોત તો બદલી દેત.'** સ્વયં ગુરુ. સ્વયં આચાર્ય. ૬૫ વર્ષનો દીક્ષાપર્યાય. ગચ્છાધિપતિશ્રી ગુરુ નહીં પણ ગુરુભાઈ. છતાં આવું સમર્પણ.

(૨) **गुरूणमुववायकारए** - ગુરુની સમીપ બેસે, ગૌતમસ્વામી - પ્રભુની સાવ સમીપ પણ નહીં, ખૂબ દૂર પણ નહીં એવી રીતે બેસતાં હતાં. બહુ નજીક બેસવું એ ય આશાતના છે.

**अत्यासन्ना विनाशाय, दूरस्था न फलप्रदाः ।**
**सेव्या मध्यमभावेन, राजवह्निगुरुस्त्रियः ॥**

રાજા, અગ્નિ, ગુરુ અને સ્ત્રી એ નજીક હોય, તો વિનાશ માટે થાય છે, ને દૂર હોય તો ફળદાયક નથી થતા, માટે મધ્યમભાવથી તેમનું સેવન કરવું જોઈએ. (પ્રસ્તુતમાં ગુરુના સંદર્ભમાં સમજવું.)

(૩) **इंगियागारसंपन्ने** - શિષ્ય ઈન્દ્રિય અને આકાર દ્વારા ગુરુના આશયને સમજી લે, ગુરુને કહેવાની પણ જરૂર ન પડે. **मा भूद् गुरोर्वचना-**

ऽऽयासः । ધર્માચાર્ય બહુમાન કુલક કહે છે -

**सो च्चिय सीसो सीसो जो णाउं इंगियं गुरुजणस्स ।**
**वट्टइ कज्जम्मि सया सेसो भिच्चो वयणकारी ॥**

તે જ શિષ્ય 'શિષ્ય' છે, જે ગુરુના ઈશારાને સમજીને તે તે કાર્યમાં હંમેશા વર્તે છે, બીજા તો ફક્ત નોકર છે. જે કહેવાથી કરે છે.

વિનયનું આ સૌન્દર્ય આપણા આત્માને પાવન કરે તો મોક્ષ સાવ જ સમીપમાં છે.

✳ ✳ ✳ ✳ ✳

# * મિથ્યાત્વ - ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ *

## - *a Golden Chance for You*

ચૌદે રાજલોકની રોમાંચક સફરનો એક સ્વર્ણિમ અવસર તમારે આંગણે આવેલો છે. અમે તમને લઈ જશું સાતે નરકમાં. તમારી કલ્પના બહારના દશ્યો, શ્રવ્યો અને અનુભવો તમને ત્યાં મળશે. દરેક જગ્યાનો પૂરે પૂરો આસ્વાદ લેવા માટે આપણા શિડ્યુલમાં પૂરે પૂરો સમય ફાળવવામાં આવેલો છે. અમે તમને લઈ જશું નિગોદમાં. Group breathing & Group living ની એરેન્જમેન્ટ આખા વર્લ્ડમાં ફક્ત અહીં જ હોય છે. કહેવાય છે કે આજની લાઈફનો મોસ્ટ ઈમ્પોર્ટન્ટ પોઈન્ટ એ છે કે એ ફાસ્ટ છે. પણ આ વાત સાવ ખોટી છે. આજની લાઈફને સુપર સ્લો કહેવી પડે એવી સુપર ફાસ્ટ લાઈફ નિગોદમાં છે. અમે તમને લઈ જશું અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં. તેમને અહીં ફુલ પરમિટ મળશે. તમે જેને જોશો એને ખાવાની ટ્રાય કરવાની તમને છૂટ. એન્જોય યોર લાઈફ. (ફક્ત એટલો ખ્યાલ રાખજો, કે બીજા બધાંને પણ આ છૂટ આપવામાં આવી હશે.) અહીં તમને બધી જ સગવડ મળશે. કુલ એક્સપિરિયન્સ, વાર્મ એક્સપિરિયન્સ, શાવર રિટ્રિટ, વોટર ફોલ ફન, નેટ રિટ્રિટ, આર્ચરી ડિફેન્સ ગેમ, રેસલિંગ સિસ્ટમ, સન-બાથ સિસ્ટમ, એર-બાથ સિસ્ટમ, ટોટલી નેચર એક્સપિરિયન્સ, ફાસ્ટ-ટ્રેક રેસિંગ સ્પોર્ટ અને આ સિવાય પણ ઘણું બધું. અમે તમને આપશું વોન્ડરિંગ માટે સ્પેશિયલ કોશ્ચ્યુમ, લાઈક - એન્ટ કોશ્ચ્યુમ, મોસ્કયુટો કોશ્ચ્યુમ, બટરફલાય કોશ્ચ્યુમ, ફ્રોગ કોશ્ચ્યુમ, બુલ કોશ્ચ્યુમ એન્ડ મચ મોર ઓલ્સો. હાઉ ફની નો ? અમે તમને લઈ જશું ચૌદે રાજલોકના ઈચ એન્ડ એવરી આકાશ પ્રદેશો. અમે તમારું આખું ફોર્મ જ ચેન્જ કરી દઈશું. વી વીલ ગીવ યુ એ વન્ડરફુલ માર્વેલિયસ ફોર્મ, લાઈક - અર્થ ફોર્મ, વોટર ફોર્મ, ફાયર ફોર્મ, એર ફોર્મ, પ્લાન્ટ ફોર્મ, ધીસ ઈશ બિયોન્ડ યોર ઈમેજીન-પાવર. અમે તમને આપશું એક જુદી જ લાઈફ. એક નવી જ લાઈફ.

તમારી આ યાત્રા ક્યાંય અટકી ન જાય, એ ચાલતી જ રહે ચાલતી જ રહે, એની જવાબદારી અમારી. આ આખી ય ટુરમાં અમે પોતે સતત તમારી સાથે જ રહીશું. અમારો ચાર્જ પણ તમને પરવડે એવો છે. એ ચાર્જના પેકેજમાં - સ્કૂલ-કોલેજનું ભણવું, છાપાં, જર્નલ્સ ને નોવેલ્સ વાંચવા, શક્ય એટલો સમય ઓન લાઈન વીતાવવો, એ માટે ઉજાગરા પણ કરવા, ચેનલ્સ અને મુવીઝના દર્શન માટે પણ પુરુષાર્થ કરતા રહેવું, જિનવાણી શ્રવણનો સર્વ પ્રકારે સદંતર ત્યાગ કરવો, જૈન શ્રમણ-શ્રમણીથી હજારો ફૂટ દૂર રહેવું, જૈન પુસ્તકો ઘરમાં લાવવા નહીં, ભૂલથી આવી ગયા હોય તો કાળજીપૂર્વક કાઢી નાંખવા. હા, જૈનોને પણ અમારી ટુરનો લાભ મળે એ માટે અમે 'જૈન' નામના નવા પંથો નીકળ્યા છે, એમાં ખુશીથી જોડાઈ શકો છો. એક્ચ્યુલી એ અમારા જ નવા માર્કેટિંગ સેન્ટર્સ છે. ધીસ ઈસ અવર ચાર્જ - પેકેજ. સો ચિપ નો ?

## Caution

કેટલીક ત્રાહિત વ્યક્તિઓએ અમારા વિરોધમાં બીજી 'ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ' નીકાળી છે, જેનું 'સમ્યક્ત્વ' એવું કંઈક નામ છે. એ લોકો બહુ જ લિમિટેડ સ્પોટ્સ પર લઈ જાય છે. જેમાં ચૌદ રાજલોકના અસંખ્યાતમા ભાગની જ સફર થઈ શકે છે. એમના સ્પોટ્સ પર અમારી ટુર જેવા એક્સપિરિયન્સ પણ નથી મળતા અને અમારી જેમ ન્યુ ફોર્મ્સ ને સ્પેશિયલ કોશ્ચ્યુમ્સ આપતા તો એમને આવડતું જ નથી. ચૌદ રાજલોકના ટોપમાં - જ્યાં અમે નથી લઈ જતાં ત્યાં - અનુત્તર અને મુક્તિ નામના સ્પોટમાં તેઓ લઈ જાય છે, એવો તેમનો દાવો તો છે, પણ એનો કોઈ મિનિંગ નથી. અનુત્તરમાં સૂતા રહેવાનું હોય છે, ને મુક્તિમાં કાંઈ જ કરવાનું હોતું નથી, માટે જ અમે ત્યાં નથી લઈ જતાં. વળી એમનો ચાર્જ પણ બહુ મોંઘો પડે તેવો છે. તો.. આથી સર્વેને ચેતવણી આપવામાં આવે છે કે આ ત્રાહિત ટુર્સ બરાબર નથી. એમાં જર્ની કરે તેની જર્ની ડેફિનેટલી અટકી જાય છે. અમારી જર્ની તો કન્ટિન્યુઅસલી ચાલતી જ રહે છે. એ ટ્રાવેલ્સથી બચવા માટે અમારા ચાર્જ - પેકેજને ભરવા સિવાય બીજો કોઈ જ ઓપ્શન

નથી. તો ત્રાહિત ટ્રાવેલ્સથી બચો અને મિથ્યાત્વ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો લાભ લો... વેલકમ... વેલકમ... વેલકમ...

(નોટ - વ્યાજસ્તુતિ-અલંકારમય આ લેખમાં મિથ્યાત્વથી ભયાનક દુઃખમય ભવભ્રમણ અને સમ્યક્ત્વથી સદ્‌ગતિની પરંપરા સાથે શાશ્વત સુખમય મોક્ષની પ્રાપ્તિ - આ વસ્તુ સમજાવેલ છે.)

* * * * *

# * મારા પર આવેલ એક પત્ર *

**ઉના** - સૌરાષ્ટ્રમાં આવેલું એક નાનું ગામ છે. જૈનોની વસ્તી પહેલાં ૨૫૦ ઘર હતાં. અત્યારે ૪૫-૫૦ ઘરનો સંઘ. એક કમ્પાઉન્ડમાં પાંચ દેરાસર છે. મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ છે. આજુબાજુ પહેલા જૈનોની વસ્તી હશે. અત્યારે દેરાસરની નજીક એકપણ ઘર જૈનોનું નથી. અમારું ચાર્તુમાસ ગઈ સાલ થયેલ. તે પહેલાં ચાર વર્ષ પહેલા થયેલ. ઘર છુટા છવાયાં છે પણ ઉપાશ્રયની આજુબાજુ ૧૫ ઘર છે. રાત્રિભોજન ત્યાગવાળા પણ ઘરો છે. આજુબાજુવાળા ઘરોમાં અહોભાવ ઘણો. ૩૫ ઘર તો ઘણા સક્ષમ છે. ઉના સંઘમાંથી આજુબાજુ આવેલા પાંચ તીર્થ (દીવ-દેલવાડા-અજારા અને શાહબાગ) ઉના સાથે પંચ તીર્થ ગણાય છે. જે ઉપાશ્રયમાં પૂ. જગદ્‌ગુરુ હીરસૂરીશ્વર મ.સા. કાળધર્મ પામ્યા તે જ ઉપાશ્રયમાં ચાતુર્માસ થાય છે. અત્યારે જીર્ણોદ્ધાર થયેલ છે. જૂના ઉપાશ્રયની એક ઈંટ નમૂના પૂરતી રાખેલ છે. ઉપાશ્રયની આજુબાજુ ખૂબ વિશાળ જગ્યા છે. સંયમજીવનમાં બહિર ભૂમિ માટે કોઈ જ મુશ્કેલી પડે તેમ નથી. પણ સાધુ-સાધ્વીજી મ.સા.ની ખૂબ અવર-જવર ઓછી હોવાથી અજ્ઞાનતા ખૂબ જ છે અને તેથી દેરાસરમાં ખૂબ આશાતના થાય છે. દીવ-દેલવાડામાં ખૂબ પૂરાણા શ્રી જિનાલયો છે. પણ પૂજા પણ નથી થતી. દીવના જિનાલયના ભોંયરામાં ૭૦૦ વર્ષ પુરાણી પ્રતિમાઓ - પ્રાય કરીને ૫૦ થી ૬૦ અત્યારે હાલ ઉના પેઢીમાં અપૂજનીય મોજૂદ છે. ઉનાથી અજારા તીર્થ - ૫ થી ૭ કિ.મી. દૂર છે. ઉનાથી શાહબાગ ૧ થી ૧।। કી.મી. દૂર છે. જ્યાં પૂ.જગદ્‌ગુરુ હીરસૂરિ મ.સા.નો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. જે વખતે મુસ્લીમ રાજા અકબરે ૧૦૦ વીઘા (એકર) જમીન શ્રીસંઘને ભેટ કરી હતી. અત્યારે હાલ માત્ર ૬૦ એકર (વીઘા) જમીન આપણી પાસે મોજૂદ છે. તેની સંઘમાં ખૂબ આવક થાય છે. આવા નાના નાના ગામમાં સંસ્કાર અને સંપત્તિ બચાવવા માટે ત્રણ-ચાર આચારમાં ચુસ્ત હોય એવા સાધ્વીજી ભગવંતોનું જો ચાતુર્માસ થાય તે ખૂબ જરૂરી છે. નહીંતર સંસ્કાર અને સંપત્તિ બન્ને આપણા જૈનો

દ્વારા નાશ પામશે. એવું લેગ છે - કોળીની વસ્તી (માંસ વિ. ખાનારા) વધારે છે. તેની સાથે આપણા બાળકો સ્કુલમાં ભણે છે. ૭૫ બાળકો અમદાવાદ જેવા સેન્ટરમાં ભણે છે. મા-બાપ કેર કરી શકતાં નથી.

**વેરાવળ** - પ્રભાસ પાટણ નજીકમાં જ વેરાવળ નાનુ શહેર જેવું ગામ છે. ઘણા સાધુ-સાધ્વી ભગવંતની ફરિયાદ - ત્યાં મચ્છીની વાસ આવે છે તેથી ચાતુર્માસ ખૂબ ઓછા થાય. પણ અમે જાતે અનુભવ કરીને આવ્યા. કા.સુ.૧૫ પછી મચ્છીમારનો ધંધો શરૂ થાય છે. સંપૂર્ણ ચાતુર્માસમાં તેઓનો ધંધો બંધ હોય છે. વેરાવળથી ૩ કિ.મી. દૂર જ બધો ધંધો ચાલે છે. કુલ ત્રણ જિનાલય અને ગામમાં તથા સોસાયટી ઉપાશ્રય ખૂબ જ મોટા છે. લગભગ ૮૦ ઘરની વસ્તી છે. એક ઉપાશ્રય તો એટલો બધો સુંદર છે પણ અત્યારે બંધ છે. એ ઉપાશ્રયમાં એવી પદ્ધતિથી આપણાં પૂર્વજોએ બનાવેલ છે કે વ્યાખ્યાન આપનાર મહાત્માની નજર સ્ત્રી ઉપર ન પડે. ઘણાં સંઘ આ ઉપાશ્રય જોવા માટે આવે છે પણ આવો ઉપાશ્રય કોઈ બનાવી શકતુ નથી. જૈનોના ઘરો ખૂબ જ ભાવિક છે. સંયમની સુવિધા સચવાય તેવી સુવિધા પણ છે. પૂ.યશોવિજયજી મ.સા. (મીની) ત્રણ વર્ષ પહેલાં ચાતુર્માસ કરેલ. આવા સંઘમાં - ત્રણ-ચાર કે પાંચ સક્ષમ સાધ્વીજી ચાતુર્માસ કરે તો ખૂબ સુંદર સંસ્કાર સિંચન થઈ શકે તેમ છે.

પ્રભાસ પાટણ - વેરાવળથી ૭ કિ.મી. પર પ્રભાસ પાટણ આવેલું છે. ત્યાં જૈનોનાં ૨૫-૩૦ ઘર છે. ખૂબ મોટા બે ઉપાશ્રય આકર્ષક અને ખૂબ સુંદર છે. બે માળનો ઉપાશ્રય પૂ.સાધુ ભગવંતોનો છે અને તે અદ્‌ભુત છે. પૂરાણી વસ્તુનો ખજાનો અહીં ખૂબ જ છે પણ સાચવનાર કોઈ નહિ તેથી અસ્તવ્યસ્ત છે. જ્ઞાનશાળા ખૂબ વિશાળ છે પણ હસ્તલિખિત પ્રતો ગાયબ થઈ ગઈ છે. જે જ્ઞાનભંડાર ખૂબ અસ્તવ્યસ્ત જેમ તેમ પડેલ તે જોયો અઠવાડિયું રોકાવાનું મન થયું પણ વડિલની આજ્ઞા પ્રમાણે વિહાર હતો, તેથી વિહાર કરવો પડ્યો. નવગભારાનું જિનાલય ખૂબ રમણીય છે. બે-ત્રણ સાધ્વીજી મ.સા. પોતાની સાધના ગૌણ કરીને સંઘ અને સંસ્કાર જીર્ણોદ્ધાર કરે તે ઈચ્છનીય છે.

**જેતપુર** - જુનાગઢથી નજીક આવેલું નાનુ શહેર છે. ૮૦ થી ૯૦ જૈનોના ઘર છે. ખૂબ મોટા બે ઉપાશ્રય છે પણ કોઈ કારણસર કોઈ એવો પ્રસંગ બની ગયો હોવાથી સાધુ-સાધ્વીજી મ.સા.ને ચાર્તુમાસની વિનંતી કરતા નથી પણ ગોચરી માટેની ભાવના ખૂબ જ છે. નાના બાળકો અને યુવાનો વધારે છે. જો આવા ગામમાં ચાતુર્માસ નહિં થાય તો સંસ્કાર કેવી રીતે ટકશે ? આ ગામમાં તો સામેથી ચાતુર્માસ કરવા જોઈએ, એવું અમારુ મંતવ્ય છે. સંયમની સુવિધા સચવાઈ તેવી વ્યવસ્થા છે. આજુબાજુ જૈનોના ઘર છે. ઉપાશ્રય તથા જિનાલય છે.

**ગોલ્ડન** - જેતપુરથી નજીક. ૭૦ ઘર જૈનોના છે પણ ઘરો ઉપાશ્રયથી દૂર છે. પણ સંઘમાં કોઈ એવો પ્રસંગ બની ગયો હોવાથી સાધુ-સાધ્વી પ્રત્યે નફરત. તેમ ત્યાંના કાર્યકર્તા પણ સાધુ-સાધ્વી પ્રત્યે નફરત ધરાવે. સુંદર દેરાસરજી, ઉપાશ્રય એક જ કંપાઉન્ડમાં છે. ઉપાશ્રયમાં જૈનો જ શિયાળામાં સીઝનેબલ મીઠાઈ ધંધો ચલાવે. પેઢીમાં અજૈનો રાખેલ છે. સંયમી મહાત્માઓ સાથે તોછડાઈ ભરેલાં વર્તન કરે. જો આવા સંઘોમાં ચાર્તુમાસ ન થાય તો જૈનોના બાળકોમાં સંસ્કાર તો ભૂંસાઈ જવાનો સંભવ સાથે સાધુ-સાધ્વીજીને ઓળખી પણ નહિં શકે કે આ મારા શાસનના મહાત્મા છે. તેઓ અમારા ગુરુજી કહેવાય વિગેરેની સમજણ નહિ રહે આવા સંઘોમાં જો થોડી અગવડતા ભોગવીને ચાતુર્માસ થાય તો જે જૈનત્વ છે તે ટકી રહેશે. નહિંતર જૈનના કોઈ સંસ્કાર રહેશે ? તે ખૂબ વિચારણીય બાબત છે. નવનીતભાઈ જે સ્થાનકવાસી છે. પોતે રાત્રે પેટ્રોલપંપમાં નોકરી કરે છે. પગાર ૬ હજારનો છે પણ સાધુ-સાધ્વીજી મ.સા.ની ભક્તિ ખૂબ જ કરે છે.

ઉના-ગોલ્ડન-જેતપુર વિગેરે સ્થાનોમાં જૈનો માટે સ્કુલ બને તો ખૂબ સારામાં સારુ પરિણામ આવશે. જૈનેતરના પ્રવાહમાં તણાતાં જૈનો બચી જશે.

✻ ✻ ✻ ✻ ✻

# ⁕ દીક્ષા મુહૂર્ત પ્રદાન-વિજ્ઞપ્તિપત્ર ⁕

વિશ્વવત્સલ પરમ શરણ્ય ગુરુ ભગવંતના ચરણ કમળમાં
અમારી કોટિ કોટિ વંદના.
આપશ્રીના સંયમપૂત દેહે સુખશાતા હશે.
આજે અમારું વર્ષો જુનું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે
કે અમારા પરિવારમાંથી એકાદ આત્મા દીક્ષા લે.
આજે પંચપરમેષ્ઠી ભગવંતો અમારા પર અનરાધાર વરસ્યા
આજે અમને શ્રીસંઘના આશિષ ફળ્યા
આજે અમારા પર કુળદેવી પ્રસન્ન થયા.
અમારી આંખોનો તારો, અમારા કાળજાનો ટૂકડો,
અમારા ઘરનો પ્રકાશ, અમારો મૂર્તિમંત આનંદ
આજે જિનશાસનનો અણગાર થવા જઈ રહ્યો છે
ત્યારે અમારા આનંદનો કોઈ પાર નથી
અમે આપશ્રીને નમ્ર વિનંતી કરીએ છીએ
કે એના પ્રવ્રજ્યાનું આપશ્રી એવું પાવન મુહૂર્ત પ્રદાન કરો,
જે મુહૂર્તે સ્વીકારેલું એનું સંયમજીવન
અનંતગણી સફળતાને વરે.
જેના દ્વારા
અમારો કલ્પ 'કલ્પ' એટલે આચારમાં અણિશુદ્ધ બને.
જેના દ્વારા
અમારો કલ્પ 'કલ્પ' એટલે સમર્થ બને,
એટલે કે સંયમ સામર્થ્યનો સ્વામી બને.
જેના દ્વારા
અમારો કલ્પ 'કલ્પ' એટલે છેદન બને
એટલે કે કર્મોના ગીચ જંગલને કાપી નાંખે.
જેના દ્વારા

અમારો કલ્પ 'કલ્પ' એટલે સમાન બને
એટલે કે પૂર્વ મહર્ષિઓના જેવો બને.
ગુરુદેવ !
છેલ્લા કેટલાય સમયથી અમારા 'કલ્પ'ના મનમાં
એક જ વાત ઘૂંટાયા કરે છે -
'સંયમ ક્યારે મળશે ?'
આજની પાવન પળે આપશ્રીના શ્રીમુખે આનો પ્રત્યુત્તર આપીને
અમને સહુને આનંદવર્ષાથી આપ્લાવિત કરો
એવી ભાવભરી વિનંતી
લિ.

✳ ✳ ✳ ✳ ✳

# PRIYAM'S - *the joy of the reading*

| | | |
|---|---|---|
| ૧. | **દિવાળી ઉજવો તે પહેલા** (ગુજ.-હિંદી) | - ઉત્સવની કમ્પ્લીટ ગાઈડ લાઈન |
| ૨. | **રાતે ખાતા પહેલા** | - ડિનરની આરપાર |
| ૩. | **અમેરિકા જતા પહેલા** | - ૫૮ પોઈન્ટ્સ ઓફ વ્યૂથી અમેરિકા |
| ૪. | **રામાયણમ્** | - સુખી જીવનની શૈલી |
| ૫. | **માનવતા** | - કોમેડી અને ટ્રેજેડી |
| ૬. | **સફળ થવું છે ?** | - સફળ જીવનની સફળ ચાવી |
| ૭. | **હેપી અખાત્રીજ** | - અક્ષયતૃતીયાનું સિક્રેટ |
| ૮. | **હેપી હોળી** | - હોળીના રંગોની ભીતરમાં |
| ૯. | **હેપી ઉત્તરાયણ** (ગુજ.-હિંદી) | - 'કાપ્યો છે' નું પોસ્ટમોર્ટમ |
| ૧૦. | **સંસ્કાર ABCD** (ગુજ.-અંગ્રેજી-હિંદી) | - સંતાનનું સ્વર્ણિમ ભવિષ્ય |
| ૧૧. | **હેપી રામનવમી** | - શ્રીરામજન્મની સાચી ઉજવણી |
| ૧૨. | **સ્માર્ટ ફુડ** (ગુજ.-હિંદી) | - વૈજ્ઞાનિક અને ધાર્મિક દષ્ટિએ ભોજન |
| ૧૩. | **સત્ય** | - મહાપુરુષોની દૃષ્ટિમાં સત્ય |
| ૧૪. | **પ્રામાણિકતા** | - ગ્રંથોની ગોદમાં પ્રામાણિકતા |
| ૧૫. | **ચમત્કારોની દિલધડક દાસ્તાન** | - સાયન્ટિફિક રિલિજીયન |
| ૧૬. | **આર્ષ વિશ્વ** (ગુજ.-હિંદી) | - ઋષિઓની અમર વાણી |
| ૧૭. | **કરુણા** | - સર્વ ધર્મોનું આભૂષણ |
| ૧૮. | **લવ યુ ડોટર** | - દીકરી માટે ઓલ ઈન વન લાઈફકોર્સ |

## HEART TO HEART
## S E R I E S

ફ્રી ઈ-બુક માટે

ahoshrut.bs@gmail.com